# श्री कृष्ण प्रणामी धर्म पत्रिका

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા



दीपावलीकी मंगलमय कामना

अक्तूबर २०११

वर्ष ८३ | श्री ५ नवतनपुरी धाम, जामनगर | अंक १०

www.krishnapranami.org



श्री प्राणनाथजी प्राकट्य महोत्सव पर निज मन्दिरमें प्राकट्य आरती एवं
शिखर पर ध्वजारोहणकी विविध झाँकियाँ ।



श्री प्राणनाथजी प्राकट्य महोत्सवके शुभावसर पर शोभायात्राकी अनुपम झाँकियाँ ।

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા


સંસ્થાપક : બ્રહ્મલીન આચાર્ય શ્રી ૧૦૮ ધનીદાસજી મહારાજ

વિ.સં ૨૦૬૭    નિજાનન્દાબ્દ : ૪૩૦    બુદ્ધજી શાકે : ૩૩૪

વર્ષ ૮૩    ઑક્ટોબર ૨૦૧૧    અંક : ૧૦

મુદ્રક, પ્રકાશક તેમજ સ્વામિત્વ } જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ

મુદ્રણ તેમજ પ્રકાશન સ્થળ } શ્રી ૫ નવતનપુરી ધામ- ખીજડા મંદિર જામનગર - ૩૬૧ 001 (ગુજરાત) ભારત

સંપાદક : શ્રી કનકરાય વ્યાસ *તથા* સ્વામી શ્રી લક્ષ્મણ ચૈતન્ય

| વાર્ષિક શુલ્ક રૂા.૧૦૦/- | ૧૫ વર્ષીય શુલ્ક રૂા.૧૦૦૦/- |
|---|---|



સરનામું : શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા, શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મન્દિર જામનગર - ૩૬૧ 001 ( ગુજરાત)

ફોન : (૦૨૮૮) ૨૬૭૨૮૨૯, ૩૨૦૨૮૨૯ : ફેક્સ (૦૨૮૮) ૨૫૫૧૩૫૩

E-mail : navtanpuri@gmail.com /& navtanpuri@krishnapranami.org

Website : www.krishnapranami.org / www.krishnadhamusa.org


શુભ    દીપાવલી



## દીપાવલીની શુભકામના તેમજ નૂતનવર્ષના અભિનંદન

# દીપાવલીની શુભકામના

## જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ

ધર્મ પરાયણ સુંદરસાથજી ! આપ સહુને દીપાવલીની હાર્દિક શુભકામનાઓ વ્યક્ત કરતાં મને અપાર હર્ષનો અનુભવ થઈ રહ્યો છે. આપ જાણો છો તેમ **દીપાવલી** એ પ્રકાશનું પર્વ છે. આ શુભ અવસરે દીપમાળાઓ પ્રગટાવવામાં આવે છે. બધા સુંદરસાથ પોતાના ઘરમાં, વ્યાપારિક પેઢીમાં અથવા કાર્યાલયમાં, મંદિરમાં દીપ પ્રકટાવીને સમગ્ર વિસ્તારને પ્રકાશથી ભરી દેવા ચાહે છે. એવું વિચારે છે કે દીવડાઓનો આ પ્રકાશ અંધકારને દૂર કરી દે, નકારાત્મક તરંગોને અર્થાત્ સમસ્ત અશુભોને દૂર કરી અમારા ઘરમાં, પેઢીમાં, દુકાનમાં, કાર્યાલયમાં શુદ્ધતા લાવે શુભગુણ લાવે જેથી બધા અનર્થ દૂર થાય અને અમે સંપૂર્ણ અડચણોને દૂર કરી સુખપૂર્વક જીવન વ્યતીત કરી શકીએ. આવા શુભ હેતુથી દીપક પ્રગટાવી પૂર્ણબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજીને પ્રાર્થના કરીએ કે હે ધણી ! આપ અમારા બધા જ અનિષ્ટોને દૂર કરી અમારા કાર્યોમાં સફળતા પ્રદાન કરો. અમોને બધી જ રીતે સુખી તથા સમ્પન્ન રાખો, અમારો પરિવાર સુખી રહે, અમારો ધંધો સારો ચાલે, અમોને સંપત્તિ મળે, અમારી પ્રતિષ્ઠા વધે વગેરે વગેરે.

પ્રાણી માત્રને સુખની કામના હોય છે. મનુષ્ય બધા પ્રાણીઓમાં શ્રેષ્ઠ હોવાથી સુખ, શાંતિ તથા સમૃદ્ધિ માટે ઈચ્છા કરે છે. તે એના માટે પ્રયત્ન પણ કરે છે અને પ્રાર્થના પણ કરે છે.

પ્રાચીન સમયથી જ પ્રાર્થનાઓ થતી આવે છે, હે પરમાત્મા ! આપ અમોને પ્રકાશની તરફ લઈ જાઓ, સત્યની તરફ લઈ જાઓ, અમરત્વની તરફ લઈ જાઓ......વગેરે વગેરે. ભૌતિક કાર્યોમાં રચ્યો પચ્યો રહેતો મનુષ્ય પરમાત્માને ભૂલીને લૌકિક સુખ-દુઃખ અથવા ઉલઝનોમાં એટલો ફસાઈ જાય છે કે કેટલો સમય વ્યતીત થઈ ગયો એનો પણ તેને ખ્યાલ રહેતો નથી. એવામાં કોઈ પર્વ આવે છે ત્યારે તે લૌકિક કાર્યોથી દૂર થઈ પરમાત્માની પ્રાર્થના કરવા લાગી જાય છે. આ રીતે આ પર્વો(તહેવારો) મનુષ્યને પરમાત્માની તરફ પ્રેરિત કરે છે. આમ દીપાવલીનું આ મહાન પર્વ તહેવારોની શ્રૃંખલામાં અન્યતમ છે.

દીપાવલીના પાવન અવસર પર આપણે દીપક પ્રકટાવી ભૌતિક પ્રકાશને વિખેરી શ્રી રાજજીને પ્રાર્થના કરવી જોઈએ હે ધણી ! આપ અમારા અંતઃકરણના

વિકારોને દૂર કરી હૃદયને તારતમ જ્ઞાનના દ્વારા આ રીતે પ્રકાશિત કરી દો કે તેમાં આપના પ્રેમનો સાગર લહેરાવા લાગે અને આપણે આ પ્રેમમાં મગ્ન બની ભૌતિક ભાવોને ભૂલી જઈએ.

સુંદરસાથજી ! તારતમ જ્ઞાન બ્રહ્મજ્ઞાન છે. એનાથી જન્મ જન્માન્તરનો અજ્ઞાનરૂપી અંધકાર જેને અવિદ્યા કહી છે, તેનો નાશ થઈ જાય. જે રીતે દીપકના પ્રકાશથી આસપાસનું ક્ષેત્ર પ્રકાશિત થાય છે અને સૂર્યના પ્રકાશથી સમગ્ર પૃથ્વી અને અન્યલોક પણ પ્રકાશિત થાય છે તે રીતે લૌકિક જ્ઞાનથી થોડી જાણકારી પ્રાપ્ત થાય છે જ્યારે બ્રહ્મજ્ઞાનથી પાતાળથી પરમધામ સુધીની જાણકારી મળે છે. એટલું જ નહીં એનાથી તો આત્મા અને પરમાત્માનું પણ જ્ઞાન મળે છે. હૃદય પ્રકાશિત થયા બાદ જ્યારે એમાં પ્રેમનો સાગર હિલોળા લેવા લાગે છે ત્યારે વ્યક્તિ વ્યક્તિ નથી રહેતો. તે આત્મ ભાવમાં સ્થિર થઈ બ્રહ્માંનંદ રસનો અનુભવ કરતો આનંદિત થઈ જાય છે.

દીપાવલીનું આ પાવન પર્વ આપણને આ જ આનંદની તરફ પ્રેરિત કરે છે. મહામતિ નિજાનંદાચાર્ય શ્રી દેવચન્દ્રજી મહારાજના સાન્નિધ્યના સમયે દીપાવલી પર્વનું વર્ણન કરતાં કહે છે,

**દીપનો મેલો રે ઓચ્છવ અતિ ભલો ,**
**જિહાં સિણગાર કરો ધની સર્વ સાથ ।**

દીપાવલીના પાવન અવસરે બધા સુંદરસાથ નૂતન શણગાર ધારણ કરી સદ્‌ગુરુના સમક્ષ હાજર થાય છે અને આનંદિત થાય છે.

સદ્‌ગુરુના સાન્નિધ્યમાં સુંદરસાથ ભૌતિક જ નહીં પરંતુ આધ્યાત્મિક શણગાર કરે છે. સદ્‌ગુરુ એઓને તારતમ જ્ઞાન પ્રદાન કરી તેમના હૃદયને પ્રકાશિત કરી અને તેમને પ્રેમલક્ષણા ભક્તિના રંગમાં રંગીને શ્રી રાજજીની લીલાઓના સાગરમાં અવગાહન કરાવતા હતા ત્યારે મહામતિ કહે છે,

**પ્રેમ સેવા વાલે પ્રગટ કીધી, વ્રજ તણી આ વાર ।**

અર્થાત્ સદ્‌ગુરુ વ્રજલીલા, રાસલીલા તથા પરમધામની લીલાઓને પ્રગટ કરી સુંદરસાથને તે લીલાઓના રસમાં તરબોળ કરી દેતા હતા. આ પ્રેમ જ આત્મિક શણગાર છે. એનાથી આપણને આપણો તથા આપણા ધણીનો અનુભવ થશે. એનાથી આપણા અને આપણા ધણીની વચ્ચેના બધા જ વ્યવધાન(આંતરો) દૂર થઈ જાય છે. એટલા માટે કહ્યું છે, **પ્રેમ ખોલ દેવે સબ દ્વાર.**

અમે પોતાને આપણા ધણીથી ગમે એટલા દૂર કેમ ન માનીએ પરંતુ હૃદયમાં પ્રેમનો પ્રવાહ ઊભરાતા તે બધું અંતર દૂર થઈ જાય છે અને આપણે સ્વયં ધણીના સાન્નિધ્યમાં જ હોઈએ છીએ. એના માટે કહ્યું, **પ્રેમ પહોંચાવે મિને પલક.**

અર્થાત્ પ્રેમ આપણને ક્ષણમાત્રમાં જ આપણા પોતાના ધણીની નજીક પહોંચાડી દે છે. આ વિશુદ્ધ પ્રેમ છે. અહીં માયાના પ્રેમની ચર્ચા નથી. માયાના પ્રેમને મોહ કહેવાય છે. મોહમાં પડવાથી વ્યક્તિનું પતન થઈ જાય છે. મોહમાં ડૂબેલો વ્યક્તિ ભવસાગરથી પાર થઈ શક્તો નથી. જ્યારે પ્રેમમાં ડૂબેલો વ્યક્તિ ભવસાગરથી પાર થઈ જાય છે.

મહામતિએ આપણને આત્મિક પ્રેમની વાત કહી છે.

આપણે આ જ પ્રેમનો શણગાર કરવો છે.

દીપાવલીનું આ પાવન પર્વ આપણને લૌકિક ઘર, વ્યાપારિક પ્રતિષ્ઠાન, કાર્યાલય વગેરેને શણગારવાની સાથોસાથ હૃદયને તારતમ જ્ઞાનના આલોકથી આલોક્તિ કરી તેને પ્રેમના શણગાર સજાવવા માટે પ્રેરણા આપે છે. આજ આપણી દીપાવલી છે. ધ્યાન રાખો ! હૃદયમાં પ્રેમ પ્રગટ થયા પછી ભૌતિક વસ્તુઓનું આકર્ષણ ઘટવા લાગશે. આ સંસાર આપણને સ્વપ્નવત્ લાગવા માંડશે.

**ઉત્પન્ન પ્રેમ પાર બ્રહ્મ સંગ, વાકો સુપન હોય ગયો સંસાર ।**

જ્યારે આપણને સંસાર સ્વપ્નવત્ લાગવા માંડશે ત્યારે ધીમે ધીમે આપણે પરમધામનો તથા ધામધણીનો અનુભવ કરવા લાગીશું, ત્યારે આપણે ધામ તથા ધામધણીને જોવા લાગીશું. ધણીના વચનોને સાંભળીને સમજવા લાગીશું. અનુમાન કરો, તે સમયે આપણને કેટલો આનંદ થશે ? આપણી બધી ઈચ્છાઓ પૂર્ણ થશે. આપણને દરેક પ્રકારથી તૃપ્તિનો અનુભવ થશે.

જે આત્માઓ આ અવસ્થાને પ્રાપ્ત કરે છે તેઓ વધારે આગળ વધવા ચાહે છે. તેઓને શ્રી રાજજીના પ્રત્યક્ષ દર્શનની ઈચ્છા થવા લાગશે અને તે એટલી તીવ્ર હશે કે વિરહમાં પરિણત થઈ જશે. વિરહની વેદના જેમ વધતી જશે ધણી સાથે મળવાની આતુરતા તેમ વધુ તીવ્ર બનવા લાગશે. શ્રી રાજજી ઈચ્છે તો આવા આત્માઓને તેમના પ્રત્યક્ષ દર્શનનું સૌભાગ્ય પ્રદાન કરી શકે છે. આપણે આ સૌભાગ્યની ઈચ્છા કરી શકીએ. દર્શન આપવા કે ન આપવા એ તો શ્રી રાજજીની ઈચ્છા પર નિર્ભર કરે છે. આપણે એવી કામના અવશ્ય કરવી જોઈએ.

## લક્ષ્મીપૂજન :

દીપાવલીના અવસર પર લક્ષ્મીપૂજાનું ઘણું મહત્ત્વ છે. વિશેષ રૂપથી વેપારી વર્ગના લોકો આ પ્રસંગ પર પોત પોતાના ઘરમાં, કાર્યાલયમાં, વેપારી પેઢી, દૂકાનમાં લક્ષ્મી પૂજા કરે છે. લક્ષ્મીજી ધનની દેવી કહેવાય છે. આવા અવસર પર તેમની પૂજા કરવી એ તેમને આદર આપવો કહેવાશે. બધાએ લક્ષ્મીજીનો આદર કરવો જોઈએ.

સાથોસાથ એ પણ સમજવું જોઈએ શું અમારી કમાયેલી સંપત્તિ જ લક્ષ્મી છે ? લક્ષ્મીનો અર્થ થાય છે 'શ્રી' અર્થાત્ શોભા. એથી આપણે એ સમજવું જોઈએ કે જે સમ્પત્તિમાં બરકત રહેતી હોય તે જ લક્ષ્મી છે. એટલા માટે નીતિપૂર્વક કમાયેલી સંપત્તિ જ લક્ષ્મી કહેવાશે.

આપણી સંપત્તિ લક્ષ્મી છે કે નહીં એ નિર્ણય આપણે સ્વયં કરી શકીએ છીએ. આપણે કમાણી કરતાં બીજા પ્રત્યે અત્યાચાર કર્યો હતો, કોઈનું શોષણ કર્યું હતું અથવા કોઈની મજબૂરીનો લાભ ઉઠાવ્યો હતો ? જો ઉપરોક્ત પ્રશ્નોના ઉત્તરો હા માં આવે છે તો આપણી સંપત્તિ લક્ષ્મી નથી. આવી સંપત્તિમાં શક્તિ પણ નથી રહેતી અને એમાં આપણને શાંતિનો અનુભવ પણ નહીં થાય એટલા માટે કહ્યું છે, **નીતિપૂર્વક કમાયેલી સંપત્તિ લક્ષ્મી છે.**

હવે સંપત્તિના વિનિમય પર વિચાર કરીએ તો એક વાત બિલકુલ સ્પષ્ટ છે કે નીતિપૂર્વક કમાયેલી સંપત્તિનો દુરુપયોગ થશે નહીં, તે ખરાબ કાર્યોમાં લાગશે નહીં. જે વ્યક્તિ નીતિપૂર્વક સંપત્તિનું અર્જન કરે છે, તે તેને ખરાબ કાર્યોમાં વ્યય કરી શકતો નથી. જે નીતિપૂર્વક કમાય છે તે તેનો ઉપયોગ પણ નીતિપૂર્વક જ કરશે. જો કોઈ કારણસર અથવા વિવિશતા(લાચારી) વશ તેને એવી સંપત્તિનો ઉપયોગ ખરાબ કાર્યોમાં કરવો પડે અર્થાત્ કોઈ વ્યક્તિ એવા વ્યક્તિ પાસેથી બળપૂર્વક એવું કામ કરાવે તો જે એવું કાર્ય કરાવશે તેનો નાશ થઈ જશે. કોઈ પણ રીતે તેને નુકશાન થશે.

કહેવાનું તાત્પર્ય એ છે કે નીતિપૂર્વક કમાયેલી સંપત્તિનો સદુપયોગ જ થશે, દુરુપયોગ નહીં થાય. દુરુપયોગ કરવા કે કરાવવાવાળાનો નાશ અવશ્ય થશે.

એટલા માટે સંપત્તિ કમાવવી પણ નીતિપૂર્વક જોઈએ અને તેનો ઉપયોગ પણ નીતિપૂર્વક કરવો જોઈએ. **જે રીતે નીતિપૂર્વક કમાયેલી સંપત્તિ લક્ષ્મી કહેવાય છે તે રીતે તેમનો નીતિપૂર્વક ઉપયોગ કરવો અર્થાત્ સદુપયોગ કરવો તે તેમની પૂજા**

કહેવાય છે. લક્ષ્મીનો સદુપયોગ જ લક્ષ્મી પૂજા છે.

દીપાવલીના અવસરે લક્ષ્મીપૂજાનું તાત્પર્ય એ છે કે ભૌતિક સંપત્તિની કમાણી પણ નીતિપૂર્વક કરવી જોઈએ અને તેનો ઉપયોગ પણ નીતિ પૂર્વક થવો જોઈએ.

## દીપાવલીના પર્વ પર જ લક્ષ્મી પૂજન શા માટે ?

સંપત્તિની કમાણી તથા ઉપયોગ સદૈવ કરી શકાય છે અને કરવામાં પણ આવે છે પરંતુ હંમેશા લક્ષ્મીપૂજાની વાત ન કરી દીપાવલીના સમયે જ લક્ષ્મીપૂજા થવી આપણને એ શિક્ષા આપે છે કે દીપાવલીનું પર્વ પ્રકાશનું પર્વ છે. આ માત્ર ભૌતિક પ્રકાશ જ નહીં પરંતુ આત્મિક પ્રકાશનો ભાવ સમજાવે છે. આપણે બ્રહ્મજ્ઞાન દ્વારા આત્માને પ્રકાશિત કરી જીવન ભર પરમાત્માના સાન્નિધ્યનો અનુભવ કરવો જોઈએ પરંતુ શરીરને ચલાવવા માટે ભૌતિક સંપત્તિની પણ જરૂરત પડે છે. એટલે આપણે એ સમજવું જરૂરી છે કે અમારું મુખ્ય ધ્યેય બ્રહ્માનંદ રસનુ પાન કરવું છે પરંતુ શરીરધારી હોવાથી ભૌતિક વસ્તુઓની પણ જરૂરત પડે છે. એટલે ભૌતિક વસ્તુઓ પણ નીતિ પૂર્વક કમાવવી જોઈએ અને એમનો ઉપયોગ પણ નીતિપૂર્વક થવો જોઈએ. તાત્પર્ય એ છે કે શરીરના રહેતા આધ્યાત્મિક સંપત્તિની સાથે ભૌતિક સંપત્તિની જરૂરત રહે છે. જે રીતે આત્માની સંપત્તિ પરમાત્મા પાસેથી પ્રાપ્ત થાય છે એવી જ રીતે ભૌતિક સંપત્તિના સ્વામી પણ પરમાત્મા છે. તે પણ આપણને તેમની પાસેથી મળે છે. આ વાતની આપણને સમજ હોવી જોઈએ. પરમાત્મા સત્ય છે એટલા માટે સત્ય વ્યવહારથી જ તેમની પાસેથી સંપત્તિ મળી શકે છે. સત્ય વ્યવહારથી પ્રાપ્ત કરેલી સંપત્તિથી જ સુખ પ્રાપ્ત થાય છે. અસત્ય વ્યવહારથી કમાયેલી સંપત્તિથી દુઃખ જ મળશે. એટલા માટે આત્મિક સુખ તથા ભૌતિક સુખ બન્નેનું મૂળ સત્ય છે અને સત્ય વ્યવહારથી જ તેમની પ્રાપ્તિ થાય છે.

દીપાવલી(દિવાળી) થી આપણને આત્માના સુખની પ્રાપ્તિ કરવાની પ્રેરણા મળે છે તો લક્ષ્મીપૂજાથી આપણને ભૌતિક સુખની પ્રાપ્તિનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. એટલા માટે દીપાવલીના સમયે લક્ષ્મીપૂજાનું વિધાન છે.

સંતો તથા ભક્તો માટે હંમેશા દિવાળી કહેવાય છે. એનાથી આપણે એ સમજવું જોઈએ કે આપણે જીવનમાં સદૈવ આત્મિક સુખ પ્રાપ્ત કરીએ. જ્યારે હંમેશા દિવાળી લાગશે તો લક્ષ્મીપૂજા પણ હંમેશા થશે અર્થાત્ આપણે હંમેશા આત્મિક આનંદનો અનુભવ કરીશું તો તે સમયે આપણને ભૌતિક સુખનો પણ અનુભવ થશે. કેમકે પરમાત્મા દયાળુ છે તેઓ પોતાના આત્માઓને માટે કોઈપણ પ્રકારની ઊણપ રહેવા દેતા નથી. આ ગહન રહસ્ય છે. જે એને સમજી લે છે તે સદૈવ સુખી રહે છે.

# વીતક યાત્રા

**શાસ્ત્રી શ્રી લક્ષ્મણ ચૈતન્ય - શ્રી ૫ નવતનપુરી ધામ**

(ગતાંક પૃષ્ઠ ૧૪ થી આગળ...)

શ્રી કૃષ્ણ ચરણાનુરાગવર્ધક પૂતના મોક્ષ પ્રસંગનું આંશિક અવલોકન આપણે ગતાંકમાં કર્યું. આવો આગળની લીલા વિહારી શ્રી કૃષ્ણચંદ્રની મનમોહક અસંખ્ય લીલા સાગરમાંથી એકાદ બૂંદનું અવલોકન કરી જીવનાનંદ પ્રાપ્ત કરવાનો યોગ્ય પ્રયત્ન કરીએ.

## શકટ ભંજન લીલા :

નંદબાવા અને માતા યશોદાએ વિચાર કર્યો કે હવે કન્હૈયાનો નિષ્ક્રમણ સંસ્કાર કરવો જોઈએ. શ્રી કૃષ્ણના નિષ્ક્રમણ સંસ્કારને પણ આપણા ઋષિ-મહર્ષિ તથા સંતજનોએ ઉત્સવ કહ્યો છે. કેમકે શ્રી કૃષ્ણને માધ્યમ રાખીને કરવામાં આવેલ દરેક કાર્ય ઉત્સવ બની જાય છે. જ્યારે બાળક પડખું બદલે છે ત્યારે તેને સૂર્ય દર્શન કરાવાય છે. સૂર્ય દેખાડવા માટે બાળકને પ્રથમ વાર ઘરની બહાર લઈ જવાના સંસ્કારને બહિર્નિષ્ક્રમણ સંસ્કાર કહે છે. શ્રી કૃષ્ણને પડખું બદલતા જેવા નંદબાવા, યશોદા માતા તથા ગોપીઓએ જોયું કે તરત જ બધાએ તે સમયે ઉત્સવ મનાવવાનો નિર્ણય કર્યો. દિવસ નક્કી કર્યો, શ્રી કૃષ્ણ પ્રાગટ્યનું ચોથું નક્ષત્ર. શ્રી કૃષ્ણનો રોહિણી નક્ષત્રમાં જન્મ થયો હતો આથી ચાર વખત રોહિણી નક્ષત્રનો મતલબ થયો ૧૦૮. નક્ષત્ર ૨૭ હોય છે. એટલે ૨૭ ગુણ્યા ચાર વાર ૧૦૮ અર્થાત્ શ્રી કૃષ્ણ પ્રાગટ્યના ૧૦૮ માં દિવસે કરવટ બદલવાનો ઉત્સવ(બહિર્નિષ્ક્રમણ સંસ્કાર) ધામધૂમથી મનાવવામાં આવ્યો.

ગોકુલમાં બધાને આમંત્રણ અપાઈ ગયું. પ્રાતઃકાળથી લોકો નંદગૃહમાં આવવા લાગ્યા. નિષ્ક્રમણથી પૂર્વ મંગલ કળશની સ્થાપના કરી. ભૂદેવો દ્વારા ભાવપૂર્વક કરવામાં આવેલા મંત્રોચ્ચારની સાથોસાથ યશોદા તથા ગોપીઓએ મળીને કન્હૈયાને અનેક સુગંધીયુક્ત જલ તથા પંચગવ્યોથી મંગલ સ્નાન કરાવ્યું. તે ઉપરાંત મૈયા યશોદાએ કન્હૈયાને વિવિધ વસ્ત્રાભૂષણ પહેરાવી. શણગાર કર્યો. ત્યાર બાદ કન્હૈયાને દુગ્ધપાન કરાવ્યું. દુગ્ધપાન કરતી વેળાએ કન્હૈયાએ થાકી ગયો હોય એવા ભાવ બતાવી ઊંઘવાનો અભિનય કર્યો. જેવી કન્હૈયાની આંખો બંધ થઈ, માતાએ

વિચાર્યું સારું થયું લાલો ઊંઘી ગયો. હવે હું નિશ્ચિત થઈ આવવાવાળા મહેમાનોનું સ્વાગત-સન્માન કરી શકીશ, એવું વિચારી માતાએ કન્હૈયાને પારણામાં સુવડાવી દીધો. ત્યાર બાદ માતાને લાગ્યું કે અહીં આંગણામાં લોકોની ભીડ તેમજ ઘણો મોટો કોલાહલ થાય છે અને બીજી વાત ગોપીઓ કન્હૈયાને ચેનથી સૂવા નહીં દે. કન્હૈયાની ઊંઘમાં વિક્ષેપ ન પડે એટલે માતાજીએ ઘરના આંગણાથી દૂર ગોરસથી ભરેલા એક ગાડાની નીચે પારણું લઈ જઈ સુવડાવી દીધો.

નંદબાવા, માતા યશોદા તથા ગોપીઓ બધાં પ્રસન્ન થઈ ઉત્સવમાં ભાગ લઈ રહ્યા છે. ગાયો, ગોવાળો તથા બ્રાહ્મણોને બધાને યથાયોગ્ય ભોજન-પ્રસાદનું વિતરણ થઈ રહ્યું છે. બધાં એક બીજાને ઉત્સવની વધાઈ આપી રહ્યા છે. અનેક પ્રકારની મંગલાચરણ સ્તુતિ તથા ભક્તિગીતો દ્વારા નંદાલય ગૂંજી રહ્યું છે. અબીલ-ગુલાલની છોળો ઊડી રહી છે. આ તરફ ગાડા નીચે સૂતેલા કન્હૈયાની આંખો ખુલ્લી ગઈ. આંખો ખુલતાં કન્હૈયાએ જોયું તો એની બાજુમાં કોઈ નથી. બધાં દૂર દૂર પોતપોતાની મસ્તીમાં ખોવાયેલા છે. થોડીવાર તો કન્હૈયાએ કોઈના આવવાની પ્રતીક્ષા કરી પરંતુ ન ગોપી ન ગોવાળ, ન માતા કે ન નંદબાવા કોઈને પોતાની નજીક ન આવતાં જોઈ કન્હૈયાએ રુદન પ્રારંભ કર્યું. રડતાં રડતાં કન્હૈયાની આંખો લાલ થઈ ગઈ પણ હજુ સુધી કોઈને આવતાં ન જોઈ કન્હૈયાએ વિચાર કર્યો કે ઉત્સવ મારા નામે થઈ રહ્યો છે અને હું જ ભૂલાઈ ગયો. આ સારી વાત નથી. એટલા માટે એણે સબક શિખવવાનું નક્કી કર્યું. તેણે રમત-રમતમાં પોતાના કમલદળ જેવા પગથી ગાડાની નીચે પ્રહાર કર્યો. પછી તો શું કહેવું ગાડું ધડાકા સાથે તૂટી પડ્યું. ગાડા ઉપર રાખેલ અનેક માટલામાં દહીં, દૂધ, માખણ અને ઘી ભરીને રાખેલું હતું. તે બધું જ ગોરસ ઢોળાઈ ગયું. કન્હૈયાએ વિચાર્યું કે આ બધું મારા માટે છે પરંતુ ના સમજ લોકો મારા ઉપર પદાર્થ રાખી મૂર્ખતા કરે છે. કન્હૈયો ગોરસ ઉપર ક્રીડા કરવા લાગ્યો.

ગાડું તૂટવાની પ્રચંડ ધ્વનિ સાંભળી ગોપીઓ તથા યશોદાની સ્થિતિ એવી થઈ જેમ સિંહનાદ સાંભળી મૃગલાની થાય છે. બધા આમતેમ દોડવા લાગ્યાં બધાના મોઢેથી કન્હૈયા કન્હૈયા નીકળી રહ્યું છે. યશોદા સિવાય બીજા કોઈને એ જાણકારી ન હતી કે કન્હૈયાને ગાડા નીચે સુવડાવ્યો છે. યશોદાજી સીધા ગાડા પાસે પહોંચી ગયાં. યશોદાજીની પાછળ ગોપીઓ પણ પહોંચી ગઈ. ત્યાંનું દૃશ્ય જોઈ યશોદાની સાથોસાથ અન્ય ગોપીઓ પણ ચકિત થઈ ગઈ. કેમકે ત્યાં ન તો ગાડું હતું કે ન તો ગાડા નીચે કન્હૈયો પરંતુ ગાડાના તો ટૂકડે-ટૂકડા થઈ વેર વિખેર પડ્યાં હતાં. કન્હૈયાને ગોરસમાં

મગ્ન જોઈ બધાની આંખો પહોળી થઈ ગઈ. એક ગોપીએ કન્હૈયાને ગોરસમાંથી ઉપાડી શીઘ્ર યશોદાના ખોળામાં મૂકી દીધો. કન્હૈયાને સકુશળ જોઈ માતા તથા ગોપીઓનો જીવ હેઠો બેઠો. કન્હૈયાના મસ્તકને સુંઘી બધાએ પોતાના ઈષ્ટનો આભાર પ્રગટ કર્યો. બધાના મનમાં એક જ પ્રશ્ન ઊઠ્યો, ગાડું તૂટ્યું કેવી રીતે ? નાના ગોપ બાળકોએ કહ્યું. કન્હૈયાના ચરણ પ્રહારથી. બાળકોની વાત કોઈએ માની નહીં. અરે નટખટ બાળકો ! આવી મનઘડંત વાતો કેમ કરો છો ? ક્યાં પદ્મદળની જેવા કન્હૈયાના કોમળ ચરણો અને ક્યાં ગાડું. શક્ય છે કે તમારામાંથી જ કોઈએ બખેડો કર્યો હશે. ચાલો કોઈ વાત નહીં. ભગવાને અનહોનીથી બચાવ્યા.

## શું છે શકટભંજન ?

શકટ છે ગાડું, ગાડી, શકટ છે મનુષ્ય જીવન, જીવનને સાચી રીતે ચલાવવા માટે પદાર્થની સાથોસાથ પ્રેમની પણ જરૂરત હોય છે. જીવન રૂપી ગાડાનું એક પૈડું પણ જો બરાબર ન હોય તો તે ચાલે કેવી રીતે ? જેના જીવનમાં માત્ર પદાર્થની અહમિયત છે તેની જીવનરૂપી ગાડી સારી રીતે ચાલી શકે નહીં. જ્ઞાની જનો કહે છે. જેમ મોટર કારમાં ચાર પૈડાં હોય છે એવી જ રીતે મનુષ્ય જીવનમાં પણ ચાર પૈડાં હોય છે. તે છે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ ચાર પુરુષાર્થરૂપી પૈડાંમાંથી મોટાભાગના લોકો કેવળ અર્થ અને કામને જ સર્વસ્વ સમજે છે એટલા માટે એમની જીવનરૂપી ગાડી સારી રીતે ચાલી શક્તી નથી.

શ્રી કૃષ્ણે જોયું કે મને જે ગાડી નીચે રાખ્યો છે તે માત્ર અર્થ તથા કામયુક્ત દેખાય છે. આથી ધર્મ અને મોક્ષ વિનાનો માત્ર અર્થ અને કામ મને સ્વીકાર્ય નથી. બીજું આ ગાડામાં રાખેલા પદાર્થો(ગોરસ) મારા માટે હોવા જોઈએ અર્થાત્ હું રસસ્વરૂપ, રસરાજ, રસ સાગર છું. પરમાત્માની ઉપર સાંસારિક પદાર્થ કે કાંઈ પણ હોવું ન જોઈએ અર્થાત્ પ્રેમ પ્રમુખ છે પદાર્થ ગૌણ. પરમાત્માથી પદાર્થ છે ન કે પદાર્થથી પરમાત્મા. કન્હૈયાએ વિચાર્યું આ દેખાતા સર્વે પદાર્થો બધા મારાથી છે, હું આ પદાર્થોથી નથી. આથી હું આ પદાર્થોની નીચે કેવી રીતે હોઈ શકું ? પદાર્થ માયા છે પ્રેમ બ્રહ્મ. અહીંયાં પ્રેમ સ્વરૂપ કૃષ્ણ સ્વયં બ્રહ્મ છે અને પદાર્થ રૂપી ગોરસ માયા. સંતો કહે છે બ્રહ્મથી નિર્મિત માયા છે. આથી માયાનું સ્થાન બ્રહ્મથી નીચે હોવું જોઈએ. યશોદાએ ગોરસ ઉપર રાખ્યું અને ગોવિંદને નીચે અર્થાત યશોદાએ માયાને અધિક મહત્ત્વ આપ્યું આ કન્હૈયાને સારું ન લાગ્યું. એટલા માટે તેમણે ગાડું તોડી પદાર્થોને

નીચે પછાડી તથા એની ઉપર સ્વયં ક્રીડા કરી બધાને બતાવ્યું કે હું સર્વ પદાર્થોની ઉપર છું.

શકટ ભંજનના બીજા અનેક રહસ્યો છે, કન્હૈયાએ વિચાર્યું ઉત્સવ મારા નામથી થઈ રહ્યો છે. બધા મારા નામ પર એકઠા થયા છે પરંતુ બધા મને ભૂલી બીજા કાર્યોમાં મગ્ન થઈ ગયા છે.

આ સારી વાત નથી. શ્રી કૃષ્ણ કહે છે જે કાંઈ પણ કરો, જે કાંઈ પણ બોલો, જે કાંઈ દાન, ધ્યાન, પુણ્ય તપસ્યા વગેરે કરો મને કેન્દ્રમાં રાખીને કરો. સમગ્ર કર્મો મને અર્પણ કરો ત્યારે આ કર્મ બરાબર થશે. **શ્રી કૃષ્ણાર્પણમસ્તુ** કરવાથી કર્તાની અંદર અહંકારનો ભાવ નહીં રહે. અહં સૌથી મોટી ખાઈ છે. આથી જે ભક્ત સમગ્ર કર્મને પરમાત્માના ચરણોમાં સમર્પિત કરે છે તેનો ક્યારેય વિનાશ થતો નથી. **ન મે ભક્તઃ પ્રણશ્યતિ.** ઉત્સવના નામ પર કેવળ બાહ્યાડંબર અથવા દેખાડો જ હશે તો તેનાથી કોઈ વાસ્તવિક લાભ થશે નહીં. ઉત્સવ આત્મરંજક હોવો જોઈએ માત્ર મનોરંજનાત્મક ઉત્સવ આત્મ-ઉન્નતિ માટે બાધક બનશે. કન્હૈયાએ વિચાર્યું કે ન તો માતાને મારો ખ્યાલ છે કે ન તો ગોપીઓને. તેઓના મનમાં અત્યારે મારા પ્રત્યે ભાવ ઓછો અને પૂજોપ્રચારક પ્રત્યે અધિક દેખાય છે. આથી આ કલ્યાણપ્રદ નથી. પ્રેમને સ્થાને માત્ર બાહ્યાચાર થાય તો તે માત્ર કર્મકાંડ બની જશે. માત્ર કર્મકાંડથી મને પ્રાપ્ત કરી શકાય નહીં. કર્મકાંડ પ્રેમપૂર્વક હોય એ વાત યોગ્ય છે પરંતુ પ્રેમમાં કર્મકાંડનું મિશ્રણ એ અયોગ્ય છે. પ્રેમ સર્વોપરિ છે આથી એમાં દેખાડો કરવાની જરૂર નથી. કન્હૈયાએ વિચાર્યું કે મારા ભક્તો વાસ્તવિકતાથી વિચલિત થઈ સાચા માર્ગથી દૂર થઈ જાય આ સારી વાત નથી. આવી પરિસ્થિતિમાં એને સંભાળવો એ પણ મારું કર્તવ્ય રહેશે. એટલા માટે એઓને વાસ્તવિકતાથી ચલિત થયેલા ભક્તોનું ધ્યાનાકર્ષણ પોતાની તરફ કરાવવા માટે શકટ ભંગનું એક બહાનું કર્યું.

પુરાણોમાં શકટાસુર વધનો પ્રસંગ મળે છે. કેટલાયે સંતજનો તથા વિદ્વદ્જન શકટાસુર વધને અન્ય કલ્પની કથા માને છે. આ પ્રસંગ આ પ્રમાણે છે. પૂતના વધ પછી કંસે પોતાના મંત્રિયોની સાથે મંત્રણા કરી એક માયાવી અસુરને તૈયાર કર્યો જે ગોકુલ જઈ કન્હૈયાને મારી નાખે. તે અસુર અદશ્ય રૂપ ધારણ કરી ગાડામાં સંતાઈ ગયો. ગાડા જેવું રૂપ ધારણ કરવાને કારણે જ એનું નામ શકટાસુર પડ્યું. તેને જોઈ કન્હૈયો સમજી ગયો કે આ પણ કંસ દ્વારા મોકલવામાં આવેલ છે. ચાલો એનું પણ

તમામ કામ કરી દઈએ. કન્હૈયાએ પોતાના નાના નાજુક ચરણોનો બાલક્રીડા કરતાં ગાડા ઉપર પ્રહાર કર્યો. ચરણ પ્રહારથી શકટ તો ચૂર ચૂર થઈને પડી ગયો તેની સાથોસાથ અસુર પણ માર્યો ગયો. પુરાણોમાં કથા છે કે હિરણ્યાક્ષ પુત્ર ઉત્કચને ચરણ સ્પર્શ દ્વારા મુક્તિ આપવાનું વરદાન આપ્યું હતું. એટલે તે અસુર ગાડામાં આવીને બેઠો હતો તેને શ્રી કૃષ્ણના ચરણ સ્પર્શ થતાં જ મુક્તિ મળી ગઈ. તેણે દિવ્ય શરીર ધારણ કર્યું તથા શ્રી કૃષ્ણને પ્રણામ કરી પોતાના લોકમાં પ્રસ્થાન કર્યું.

**તૃણાંવર્તની કથા :** એક દિવસ માતા યશોદા કન્હૈયાને દુગ્ધપાન કરાવી રહી હતી. કન્હૈયાએ વિચાર્યું કે આજ કંસ દ્વારા મોકલાવેલ એક બીજો અસુર(રાક્ષસ) આવવાવાળો છે. આથી જ્યાં સુધી હું માતાની ગોદમાં રહીશ ત્યાં સુધી તે અસુરની સાથે મારું મિલન થવું અસંભવ છે. કન્હૈયાએ પોતાનું વજન વધારવાનો પ્રારંભ કર્યો. ક્ષણભરમાં માતાને લાગ્યું કે શું વાત છે આજે કન્હૈયો કેમ **ગિરિકૂટવત્** અર્થાત્ પહાડની **શિલા** જેમ ભારે લાગી રહ્યો છે. ભોળી માતા વિચારવા લાગી કે મારા ખોળામાં શ્યામ છે કે કોઈ **શિલા** ? શીઘ્ર એક શેતરંજી પાથરી કન્હૈયાને સુવડાવી દીધો અને પોતે ઘરકામમાં લાગી ગયાં.

એટલામાં કંસ દ્વારા મોકલાવેલ તૃણાવર્ત વંટોળિયા તથા ચક્રવાતનું રૂપ લઈ આવી પહોંચ્યો. **મુહૂર્તમભવદ્ ગોષ્ઠં રજસા તમસાઽઽવૃતમ્** એક જ મુહૂર્તમાં તે ચક્રવાતથી સમગ્ર ગોકુળ અંધકારમય થઈ ગયું. એણે એવી આંધી ચલાવી કે સમગ્ર ગોકુળ ધૂળથી છવાઈ ગયું. વૃક્ષો, છોડવાઓ, ગાયની ગમાણો વગેરેને તે નેસ્તનાબૂદ કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો ત્યારે કન્હૈયાએ વિચાર્યું મારા રહેતાં તું અહીં આવું કામ નહીં કરી શકે. એટલા માટે પહેલા મારી સાથે લડી લે. તે કન્હૈયાને ઉંચકી આકાશમાં લઈ ગયો. થોડીક વાર તો કન્હૈયાએ તેની સાથે ક્રીડા કરી પરંતુ જેવો તે ગોકુલની બહાર જવા લાગ્યો ત્યારે કન્હૈયાએ કહ્યું આ તો સારું નથી. ગોકુલની બહાર તો હું હમણાં જઈશ નહીં. કન્હૈયાએ પોતાનું વજન અધિક વધાર્યું. અસુરને લાગ્યું કે મોટી ભારે શિલા ઉંચકી રહ્યો છું કે એક બાળકને ? કન્હૈયાએ કહ્યું **અન્તે યા મતિઃ સા ગતિઃ** તે અંતિમ અવસ્થામાં શિલાને યાદ કરી તો તારું મૃત્યુ પણ શિલા (મોટો પથ્થર) ના સંસર્ગથી જ થશે. કન્હૈયાએ પોતાનું વજન એટલું વધાર્યું કે તે રાક્ષસની શક્તિ ઢીલી પડવા લાગી. ધીમે ધીમે ચક્રવાત રૂપી રાક્ષસ આકાશમાંથી નીચે ઉતરવા લાગ્યો. કન્હૈયાએ એક મોટી શિલામાં પછાડી તેનો ઉદ્ધાર કર્યો.

આ પ્રસંગનું તાત્પર્ય બતાવતા આપણા સંતજનો કહે છે ગોકુલ **રજસાતમસાવૃત્તં** થઈ ગયું કેમકે તે અસુર ચક્રવાતનું રૂપ લઈને આવ્યો હતો. રજનો અર્થ છે રજોગુણ તથા તમનો અર્થ છે તમોગુણ. રજોગુણથી કામ, ક્રોધ તથા લોભાદિ ગુણ તથા તમોગુણથી આળસ નિદ્રા તથા પ્રમાદ વગેરે ગુણ પ્રગટ થાય છે. ચક્રવાત(વંટોળિયો)ને કારણે ગોકુલવાસીઓને કંઈ પણ દેખાતું ન હતું. ચારેબાજુ ઘનઘોર અંધારું છવાઈ ગયું હતું. ગોકુલ અર્થાત્ ઈન્દ્રિયોનો સમૂહ. આપણી ઈન્દ્રિયોમાં કામ, ક્રોધ, લોભ વગેરે રજસ તથા આળસ, નિદ્રા તથા પ્રમાદ વગેરે તમસે પ્રવેશ કર્યો તો જીવન અંધકારમય થશે. તેમનું જીવન ચારે બાજુથી દુઃખ તથા દર્દથી ભરેલું હશે.

શ્રી કૃષ્ણ તૃણાવર્તનો નાશ કરી એ ઉપદેશ આપે છે કે હે સજ્જનો તમે તમારા પોતાના અણમોલ જીવનને સુગંધિત સુમન બનાવવા ઈચ્છો છો તો પોતાની ઈન્દ્રિયોને રજોગુણ તથા તમોગુણના પ્રભાવથી હંમેશા મુક્ત રાખો. સત્વગુણ સમ્પન્ન જીવન જ પવિત્ર બની નવનીત સમાન બનશે જે કન્હૈયાને અતિશય પ્રિય છે.

કન્હૈયાની દિવ્ય લીલા તન, મન તથા જીવનને આનંદ પ્રદાન કરવાવાળી છે. કન્હૈયાના ચરણોમાં પ્રેમાનુરાગ વધારવાવાળી આવી અંસખ્ય લીલાઓ છે. એ પૈકીની એકાદ લીલાનું પણ આપણે આસ્વાદન કરીએ તો જીવન અવશ્ય સફળ થઈ જશે. શ્રી કૃષ્ણ લીલાના વિષયમાં નિજાનંદાચાર્ય સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી મહારાજના દ્વારા તારતમ મહામંત્ર ગ્રહણ કરવાનું સદ્‌ભાગ્ય તથા મહામતિ શ્રી પ્રાણનાથજીને બે વર્ષ સુધી પોતાના ગૃહમંદિરમાં રાખી સેવા કરવાનું ગૌરવ જેમને પ્રાપ્ત કર્યું એવા(શ્રી જયરામ ભાઈ) શ્રી કરુણાસખી શ્રી તારતમ સાગર વીતકમાં લખે છે,

**ધન્ય ધન્ય સકલ વ્રજવાસી, જિત પૂર્ણબ્રહ્મ લીલા પ્રકાશી ।.**
**પરાક્રમ પિયાકે કેતે કહિયે, વર્ણન કરતે પાર ન પાઈએ ।।**

(ક્રમશઃ......)

---

# સૂચના

**વાર્ષિક લવાજમ ભરેલા સુંદરસાથજીને ખાસ જણાવવાનું છે કે, જો આપનું સરનામું "Renew" થી શરૂ થતું હોય તો ત્રણ માસની અંદર લવાજમ આપના ગામના પિનકોડ નંબર(પોતાના પિનકોડની ખબર ન હોય તો પોષ્ટ ઓફિસમાં જઈને પૂછપરછ કરી લેશો) અને ગ્રાહક નંબર સાથે શ્રી ૫ નવતનપુરી ધામની ઓફિસમાં મોકલી આપવા વિનંતિ. પત્રિકા અંગે કોઈ પણ પૂછપરછ માટે ગ્રાહક નંબર (PGY, PGL, PHY, PHL, PFL) સાથે આપવા વિનંતી.** *સંપર્ક - કુણાલ વ્યાસ મો. ૯૩૭૪૧૨૨૨૨૮, ૮૩૪૭૪૯૭૪૭૪*

# પગલી ગોપીની પ્રેમ સાધના-૨

## વિદ્યાવતીપર શ્રી કૃષ્ણનો અનુગ્રહ - ૪

### કથા લેખક : પં. મંગલજી ઉદ્ધવજી શાસ્ત્રી, સદ્‌વિદ્યાલંકાર

(ગતાંક પૃષ્ઠ ૧૯ ... થી આગળ)

આ મધુરાધિપતિનું મુખ, હાસ્ય, વાણી અને વેણુ તો મધુર છે જ પરંતુ આજે તો એની આ રીસ પણ મધુર લાગે છે. રીસ ચડાવવાનું શીખવા માટે પણ શ્યામનું સામીપ્ય જરૂરી છે. મારો શ્યામ તો જગદ્‌ગુરુ છે એની રીસ પણ સુમધુર છે. **મધુરાધિપતેરખિલં મધુરમ્.**

વિચારમગ્ન સ્થિતિમાં શ્યામના સન્મુખ નીચે મુખે ઊભેલી ગોપીના કાનમાં જાણે એક કોમળ અવાજ આવ્યો. વિદ્યાવતી તને આપેલા વચનનું પાલન કરવા માટે ઘરકામમાં ગૂંથાયેલી માતાની નજર ચૂકાવીને હું તારા પાસે આવ્યો અને તું તો....કન્હૈયાને અટકાવીને ગોપી બોલી...

**માંડમાંડ મોહનજી આવ્યા છો હાથમાં, એકલા આવ્યા છો નથી ગ્વાલ બાલ સાથમાં।..**
**મારો પરણ્યો ગયો છે પહરમાં રે, શ્યામ આવ્યો ગોપીના જાગી।।૪**

આજે તમે માંડમાંડ હાથમાં આવ્યા છો મોહનજી. સારું થયું ગ્વાલમંડલીને સાથે લીધા વિના એકલા જ આવી ચડયા છો. હું પણ એકલી જ છું અને મારા પતિદેવ તો સવારના વ્હેલા ગાયોને પહર ચરાવવા લઈ ગયા છે. એટલે આજે બરાબર ઘાટમાં આવ્યા છો.

પરંતુ વિદ્યાવતી, શ્યામસુંદરે કહ્યું. હું શા માટે દોડીને આવ્યો છું. ? એ તો મેં તને કહ્યું પણ તે સાંભળ્યું નથી. મારે છાસ પીવી છે

જાણું છું તારી માયાને ! ગોપી વચ્ચે જ બોલી. છાસ પીવાના તો ખાલી બહાનાં છે. બાકી,

**જાણું છું આજ નથી ચોરીમાં ફાવ્યો, એટલે જ મુજ ઘેર દોડીને આવ્યો ।**
**(તારાં) લક્ષણો છે મારી નજરમાં રે, શ્યામ આવ્યો ગોપીના જાગી ।। ૫**

હું તને બરાબર જાણું છું લાલા ! આજે માખણ ચોરી કરવામાં ક્યાંય ફાવ્યો નથી, તેથી મારે ત્યાં દોડી આવ્યો છે. તારા લક્ષણો મારા ખ્યાલ બહાર નથી.

બાલકૃષ્ણ સામે જ નીચે મુખે ઊભો છે. એને જોઈને વિદ્યાવતી બોલી. મારા વાક્યોથી રીસ ચડી ગઈ લાલા અને આ પ્રભાતના પહોરમાં છાલીયા ભરીને છાસ પીવી કેમ ગમે છે ? દુનિયાને દૂધ પાઈને જાતે છાસ પીવાનો નિયમ લીધો છે કે શું ?

ગોપી ! હસતાં હસતાં કન્હૈયો કહે છે. હું તારાથી રીસાયો નથી પણ તારા પ્રશ્નોના જવાબો વિચારી રહ્યો છું. મા મને સવારના માખણ આરોગાવે છે પણ રોજ રોજ મને માખણ ભાવતું નથી. મે કહ્યું કે, મા ! મને માખણ ભાવતું નથી. મને આ કટોરો ભરીને તાજી છાસ આપ તો મા જવાબ આપે છે.

**શીતકાલે તુ યત્તક્રં સેવ્યતે શ્લેષ્મમૂલકમ્ ।.**
**દુગ્ધમુષ્ણં તુ સેવેત સર્વરોગવિનાશકમ્ ।।**

શિયાળામાં સવારે છાસ પીવાથી શ્લેષ્મ અને કફ વધે છે, માટે આ ઋતુમાં ગરમ દૂધ પીવું જઈએ. છાસ તો અત્યારમાં ન મળે. ગોપી ! ભગવાન કહે છે, માતાની એ વાતો બરાબર છે, એક તો શાસ્ત્રનાં પ્રમાણો અને એને ન માનું તો,

તો...? ગોપીએ હસીને પૂછ્યું, માતાજી બીજી કઈ વાત જાણે છે ? જેના ડરનો માર્યો આ કટોરો લઈને અહીં દોડયો આવ્યો ? એઓ દંડો. શ્યામના મુખ પર હાસ્યની લહેર દોડી ઊઠી. તેઓ બોલ્યા. માતાની એ બન્ને આદતો મને ગમતી નથી. એ દંડો બતાવે ને મારે દોડીને ભાગવું પડે અને એ કોઈ કહેવત કે શાસ્ત્રનું પ્રમાણ બતાવે, ત્યારે મારે ચૂપ થઈ જવું પડે. કદાચ જવાબ દેવા તૈયાર થાઊં, તો નાકે આંગળી મૂકીને મને મૌન બનાવી દે.

જીવનું આચરણ વિહોણું જ્ઞાન એ ખાટી છાસ છે અને નમ્રતા વિહોણું શુષ્ક જ્ઞાન એ દંડો છે. એટલે આવાં બન્ને પ્રકારનાં જ્ઞાન ભગવાનને ગમતાં નથી. શુદ્ધ જ્ઞાન તો બ્રહ્મસ્વરૂપ છે પરંતુ એવું શુદ્ધ જ્ઞાન બધાને પચતું નથી.

તો પછી અહીં વિદ્યાવતીને ત્યાં બાલકૃષ્ણ છાસ પીવા કેમ પધાર્યા. એવી કદાચ શંકા થાય તો આવી તાજી છાસ એ 'વ્યાવહારનું જ્ઞાન' સમજવું. ભક્તિના પ્રવેશમાં ભક્ત વ્યવહારના જ્ઞાનને છોડી શક્તો નથી પરંતુ ભગવાન એ ભક્તના ઉપર અનુગ્રહ કરીને તેના વ્યવહારના જ્ઞાન રૂપી તાજી છાસનું પાન કરી જાય છે, અર્થાત્ પ્રભુ જાતે જ કોઈને કોઈ સ્વરૂપે ભક્તના વ્યવહારને નિભાવીને તેને માખણરૂપી ભાવ ભક્તિનું દાન કરે છે.

આવો જીવ મહાન્ ભાગ્યશાળી છે. થોડું અંગીકાર કરીને ઘણું આપે એવા એ પ્રભુ **મહોદારચરિત્રવાન** છે. એવી જ ઉદાર એની લીલા છે. સંસારમાં રહેલા ભક્તના સંસારને જાતે નિભાવીને ભક્તના ભક્તિમાર્ગમાં પ્રભુ અનુકૂલતા કરી આપે છે. સુદામા, તુકારામ, નરસિંહ, નામદેવ અને મીરાં જેવાં તેનાં પ્રત્યક્ષ પ્રમાણો છે.

વિદ્યાવતી આ તત્ત્વને પૂર્વે કરેલા સત્સંગથી સારી રીતે જાણે છે, છતાં આજે તો બે ઘડીના આનંદને ખાતર કહે છે.

**દૂધ હજી દો' વાં છે કાનુડા કાળા, દહીંની તો છાસ કરી નાખી રૂપાળા !....**
**છાસ હોય છતાં ના મળે મફતમાં રે, શ્યામ આવ્યો..જાગી ॥ ૬**

શ્યામ ! ભલે આવ્યો મારે આંગણે. મારે તારું યત્ કિંચિત્ સ્વાગત કરવું જોઈએ, સ્વાગતમાં તને સુંદર દૂધ આપત પરંતુ ગાયો તો પહરમાં ચરવા ગઈ છે. એને દોવામાં વાર થાય તેમ છે અને દહીંનું તો મંથન કરી નાખ્યું, એટલે દૂધ દહીં નહિ મળે. આ મટુકીમાં તાજું માખણ છે, જોઈએ તો આરોગી શકે છે.

પણ...પણ ગોપી...નાનકડા નંદલાલે થોડું અટકીને કહ્યું. મને તો....છાસ હા ઠીક યાદ કર્યું. વિદ્યાવતી બોલી. તાજી અને માખણથી ભરપૂર છાસ છે તો તૈયાર. પરંતુ.....પરંતુ મારી છાસ મફતમાં મળી ન શકે. મથુરાના યાદવો તો મારી છાસનું માંગ્યું મૂલ્ય આપવા પડાપડી કરે છે. પણ એવા બહિર્મુખોને આપવા કરતાં તો હું મારી છાસ ગાયોને પાઈ દઉં છું. હા, નંદાલયમાં પુષ્કળ છાસ મળી શકશે. મફતમાં પીવી હોય તો ત્યાં જઈને પી શકે છે. મારી છાસ તો મીઠી ને મોંઘી છે. **તક્રં શક્રસ્ય દુર્લભમ્.**

આ તો ઊલટી રીત છે ? કન્હૈયો હસી પડયો અને બોલ્યો. માખણ મફતમાં અને છાસની કિમ્મત લેવાની વાત તો નવાઈની ગણાય. છતાં તારી છાસ જ પીવા માટે માગ્યું મૂલ્ય આપવા તૈયાર છું, ઊભી રહે નંદાલયમાં જઈને સોના મ્હોરોનો ખોબો ભરી લાવું.

રહેવા દ્યો શ્યામ ! વિદ્યાવતી કહે છે પ્રેમની બજારમાં મળતી વસ્તુનું મૂલ્ય તમે ધનથી ચૂકાવી નહિ શકો. પ્રેમની રીત દુનિયાથી ઊલટી હોય છે મારી મધુરી છાસ સોનામહોરોથી નહિ મળી શકે. સાંભળી લો જરા.

**સોનામહોરોથી મોંઘી, છાસ નહિ મળશે, સોનાથી કોઈની દરિદ્રતા ન ટળશે ।**
**મૂલ્ય આપો તો છાસ દઊં પલમાં રે, શ્યામ આવ્યો..જાગી ॥૭**

મારી બનાવેલી મોંઘી છાસ સોનામહોરોથી મળી શકે નહિ કારણ કે સોનું કોઈની દરિદ્રતા મટાડતું નથી પણ સોનું મેળવનારની તૃષ્ણા દરિદ્રતાને વધારી મૂકે છે. શાસ્ત્રો પણ એના માટે કહે છે. **કો વા દરિદ્રો હિ વિશાલતૃષ્ણઃ** જગત્‌માં જેની તૃષ્ણા મોટી છે તે સૌથી મોટો ભિખારી દરિદ્રી છે. એટલે મારી છાસની કિંમત સોનામહોરોથી પણ વધારે મોંઘી છે. એ મૂલ્ય આપવાનું સ્વીકારો તો આપને છાસ આપવાનો વિચાર કરી શકાય.

પરંતુ ગોપી ! માલના વખાણ તો ખૂબ સાંભળ્યા એની મોંઘવારીની વાત પણ ધ્યાનમાં લીધી. મારે એ છાસનું મૂલ્ય શું ચૂકવવું પડશે. એ બતાવવામાં તો તું મોણ નાખી રહી છે ! વિના વિલંબે બોલી નાખ ને ?

તો સાંભળ કન્હૈયા ! મારી માખણમિશ્રિત છાસની નહિ નહિ પ્રેમપીયૂષના રસપાનની કિમ્મત...

આ પ્રેમ પીયૂષરસપાનની કિમ્મત ગોપીના બતાવ્યા પ્રમાણે કન્હૈયો ચૂકવી આપે છે. એ અમીરસપાન કરવા આવતે પ્રકરણે તત્પર રહેવા વિનંતી છે. પ્રણામ

**(ક્રમશ :....)**

---

# ધર્મ પ્રચારકોની શિબિર

## (૨૭ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૧)

ધર્મપ્રાણ સુંદરસાથજી !

આગામી તા. ૨૭ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૧ સુધી શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મના પ્રચારકોની શિબિર શ્રી ૫ નવતનપુરી ધામમાં રાખવામાં આવેલ છે.

આ પંચદિવસીય કાર્યક્રમમાં ધર્મના સિદ્ધાન્તો, પ્રચાર-પ્રસારની રીત, પ્રચાર-પ્રસારમાં આવનારા વ્યવધાનો તેમજ તેમના નિવારણના ઉપાયો અંગે વિશદ વિવેચન, પરિસંવાદ તેમજ માર્ગદર્શન આપવામાં આવશે.

જે પ્રચારકો તથા સન્તો વર્તમાનમાં ધર્મના પ્રચાર-પ્રસારનું કાર્ય કરી રહેલ છે તેઓએ જ આ કાર્યક્રમમાં ભાગ લેવાનું છે. તેઓએ પોતાના રજિસ્ટ્રેશન માટે પુજારીશ્રી યમનાથજી શાસ્ત્રી (મો. ૯૮૯૮૦૧૬૬૭૭)નો સમ્પર્ક સાધવા વિનંતી.

**સંતસભા**

## સમાચાર દર્પણ

### શ્રી ૫ નવતનપુરી ધામમાં આયોજિત

# શ્રી પ્રાણનાથ પ્રાગટ્ય મહોત્સવ-૨૦૧૧

### શ્રી તારતમ સાગરના ૧૦૮ પારાયણ

ધર્મપ્રાણ સુંદરસાથજી ! આપ સહુ જાણો છો તેમ મહામતિ શ્રી પ્રાણનાથ પ્રાગટ્યનો ઉત્સવ શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મની આચાર્યપીઠ શ્રી ૫ નવતનપુરી ધામના વાર્ષિક ઉત્સવ રૂપે મનાવવામાં આવે છે. આ વર્ષે આ ઉત્સવ ૨૬ સપ્ટેમ્બર થી ૧ ઓક્ટોબર સુધી શ્રી ૫ નવતનપુરી ધામમાં ભવ્ય તથા દિવ્ય રૂપે ઘણા જ હર્ષોલ્લાસ તથા ધામધૂમથી મનાવવામાં આવ્યો.

**મહાઆરતી :** મહામતિ શ્રી પ્રાણનાથજીના પ્રાગટ્યની આરતી મહાઆરતી કહેવાય છે. તારીખ ૨૬-૯-૨૦૧૧ ના રોજ સવારે ૧૦ વાગ્યે થવાવાળી આ આરતીની પ્રતીક્ષા એક વર્ષથી થઈ રહી હતી. અનેક સુંદરસાથ આ ઓચ્છવ માટે દેશ-વિદેશથી એકત્રિત થયા હતા. સુંદરસાથજીની અધિક સંખ્યા હોવાથી તા. ૨૫ સપ્ટેમ્બરથી જ મંચના કાર્યક્રમનો આરંભ કરી દેવામાં આવ્યો હતો. રાત્રિકાલીન સાંસ્કૃતિક કાર્યક્રમમાં રાજકોટના સુંદરસાથ દ્વારા પ્રસ્તુત વ્રજલીલાની નૃત્યનાટિકા ઘણી જ પ્રશંસનીય રહી હતી. આ નાટિકાની કોરિયોગ્રાફી અને દિગ્દર્શન અંગે સુશ્રી અમી કિરીટભાઈ બાબરિયા અને સુશ્રી ઊર્વિ કિરીટભાઈ બાબરિયાએ ભારે જહેમત ઉઠાવી હતી.

તારીખ ૨૬ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ વાગ્યે નિજમંદિરનો પડદો ખુલ્યો. તે સમયે ઉપસ્થિત હજારો સુંદરસાથજીએ જયઘોષની સાથે મહામતિના પ્રાગટ્યને વધાવ્યું અને દર્શન પ્રાપ્ત કરી ચિરકાળથી સેવેલી પોતાની પ્રતીક્ષાને શાંત કરી. શ્રી પ્રાણનાથ પ્યારેકી જય ! આ જયઘોષની સાથે પુષ્પવૃષ્ટિ થઈ. નારીયેલ વધેરવામાં આવ્યા. જયઘોષ, ઘંટનાદ, નગારા વગેરેના દ્વારા સમગ્ર મંદિર પરિસર ગૂંજી ઊઠ્યું. પૂજારીજી દ્વારા પાંચ કપૂરની આરતી સંપન્ન થયા બાદ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ મહાઆરતી કરી. તે પછી ઉપસ્થિત સંતજન, ટ્રસ્ટીગણ તથા સુંદરસાથે ક્રમશઃ આરતી કરી. હજારો સુંદરસાથે આરતી તથા દર્શનનો લાભ પ્રાપ્ત કર્યો.

**ધજારોહણ :** આરતી બાદ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી કેટલાંક સંતજનો તથા કાર્યકર્તાઓએ શિખર પર જઈ કળશ અભિષેક, પૂજન તથા ધજારોહણ કર્યુ. મંદિરની ચારે તરફ પ્રાંગણથી લઈ છત પર ઉભેલા સુંદરસાથ આ દશ્યને જોઈ હર્ષિત થયા. હર્ષ તથા ઉલ્લાસની સાથે ઝંડાગીત ગાવામાં આવ્યું. ચોકલેટની વૃષ્ટિ થતી જોઈ સુંદરસાથજી ઝૂમવા લાગ્યા, પ્રસાદ માટે પડાપડી કરવા લાગ્યા. અગાસી, છત અને મંદિર પ્રાંગણમાં જ્યાં જુઓ ત્યાં સુંદરસાથની હકડેઠઠ મેદની દેખાતી હતી. લાંબા સમય સુધી આરતી તથા દર્શનનો પ્રવાહ ચાલુ રહ્યો. ત્યારબાદ સુંદરસાથે પ્રસાદ ગ્રહણ કરવા માટે ભોજન શાળાની તરફ પ્રસ્થાન કર્યું.

**શોભાયાત્રા :** આજ દિવસે સાંજે ચાર વાગ્યે શોભાયાત્રાનો આરંભ થયો. બેન્ડવાજાં, ભજન મંડળી તથા ધૂનની મધુર સુરાવલીની સાથોસાથ ભજન-કીર્તન ગાતા નગરજનોને પણ ભક્તિરસના રંગમાં તરબોળ કરતાં હજારો સુન્દરસાથે શ્રી ૫ નવતનપુરી ધામથી પ્રસ્થાન કર્યું. માર્ગમાં પ્રેક્ષકોની ભીડ પણ દર્શન માટે ઉમંગમાં આવી ઊભરાઈ રહી હતી. બરાબર ૫.૩૦ કલાકે આ યાત્રા શ્રી પ્રાણનાથજી પ્રાગટ્ય ભૂમિ શ્રી પ્રાણનાથજી મેડી મંદિર પહોંચી. ત્યાં પૂજન-આરતી તથા ધજારોહણ સંપન્ન કરી નગરના વિભિન્ન વિસ્તારોમાં થઈ આ શોભાયાત્રા સાંજે ૭.૩૦ વાગ્યે શ્રી ૫ નવતનપુરી ધામમાં આવી.

યાત્રામાં શ્રી રાજશ્યામાજીનો ભવ્ય તથા સુસજ્જિત રથ મધ્યમાં હતો. શ્રી રાજશ્યામાજીના દિવ્ય દર્શન કરી નગરજનો ધન્યતાનો અનુભવ કરતા હતા. વચ્ચે-વચ્ચે પૂજન તથા આરતી પણ કરતાં હતા. રથની આગળ બેન્ડવાજાં તથા વિશિષ્ટ પ્રકારની ઝાંખીઓદ્વારા સુસજ્જિત વહાનો હતા. બીજા રથમાં પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી બિરાજમાન હતા. અન્ય વિશિષ્ટ સંતજન પણ રથ અને બગીઓમાં શોભાયમાન હતા. રાસમંડળી, ખેડા જિલ્લાની ભૂંગળાવાળી મંડલીઓ, બેન્ડવાજાં તથા ડી.જેના તાલમાં ગાયન તથા નૃત્ય કરી સુંદરસાથજી આનંદિત થઈ રહ્યા હતા. આટલી લાંબી યાત્રા પછી પણ સુંદરસાથ થાક્યા હોય એવું લાગતું ન હતું. ભોજન બાદ રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉત્સાહથી રાસ-ગરબામાં સામેલ થયાં હતા.

**શ્રી ૧૦૮ પારાયણ :** તારીખ ૨૭-૯-૨૦૧૧ ને મંગળવારના રોજ સવારે ૭.૩૦ વાગ્યે શ્રી તારતમ સાગરના ૧૦૮ પારાયણનો શુભારંભ થયો. મંદિરની

પરિક્રમામાં પારાયણની વ્યવસ્થા કરવામાં આવી હતી. પૂજન આરતી તથા ભોગની પછી પાઠનો આરંભ થયો. આ અવસર પર પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી, શ્રી જગતરાજજી મહારાજ(કરનાલ) અન્ય સંતજનો તથા શ્રી ૫ નવતનપુરી ધામના ટ્રસ્ટીજનો તથા વિભિન્ન સ્થાનોથી પધારેલા સુંદરસાથ સામેલ હતા. પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીના આશીર્વચન તથા સંક્ષિપ્ત ઉદ્‌બોધન પછી પાઠનો આરંભ થયો. બધા સાથોસાથ વાચવા લાગ્યા. સિનગાર આરતી પછી મંચના કાર્યક્રમનો આરંભ થયો.

**દૈનિક કાર્યક્રમ :** પ્રતિદિન પ્રાતઃ ૫.૧૫ વાગ્યે મંગલા આરતી, પરિક્રમા, પ્રાર્થના વગેરે સહિત પ્રાતઃકાલીન સેવાપૂજા થતી હતી. ૭.૩૦ વાગ્યે પારાયણ પૂજન તથા આરંભ થતો હતો. સિનગાર આરતી પછી ૯.૧૫ થી ૧૧.૩૦ સુધી મંચનો કાર્યક્રમ રહેતો હતો. પ્રાતઃકાલીન સભામાં પ્રતિદિન પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી દ્વારા વાણી ચર્ચા, જુદા જુદા સંતોના પ્રવચનો, વાણી ગાયન, ભજન, કીર્તન વગેરે થતાં હતાં. બપોરની સભામાં પણ ૪ થી ૭ દરમિયાન આજ રીતનું આયોજન રહેતું હતું. રાત્રે ૮ થી ૧૦.૩૦ સુધી રાસ ગરબા, ભજન, કીર્તન, વગેરે કાર્યક્રમો થતાં હતાં.

**પૂર્ણાહુતિ :** તારીખ ૧-૧૦-૨૦૧૧ ના રોજ પ્રાતઃ ૭.૩૦ વાગ્યે પૂર્ણાહુતિના કાર્યક્રમનો આરંભ થયો. પૂજન બાદ અંતિમ પ્રકરણના પાઠ તથા પૂર્ણાહુતિ પૂજન, આરતી ભોગ વગેરે સુવ્યવસ્થિત રીતે સંપન્ન થયા. પૂર્ણાહુતિ બાદ તરત જ છઠ્ઠી ઉત્સવ માટે પારાયણની શોભા સમેટી લેવામાં આવી.

**છઠ્ઠી ઉત્સવ :** પ્રાગટ્ય ઉત્સવની જેમ છઠ્ઠીના ઓચ્છવ માટે પણ સુંદરસાથજી આતુર હોય છે. પ્રાગટ્ય મહોત્સવ પ્રસંગે દર્શનનો લાભ ન લઈ શકેલા આસપાસના સુંદરસાથજી આ પ્રસંગે ખાસ આવે છે. બરાબર ૯.૦૦ વાગ્યે મંદિરનું પ્રાંગણ શ્રી પ્રાણનાથ પ્યારેકી જય......ના જયનાદ સાથે ગૂંજી ઊઠ્યું. શ્રી રાજજીની સવારી ધીમે ધીમે નિજમંદિરમાંથી બહાર આવવા લાગી. પાલખીમાં સુશોભિત શ્રી રાજશ્યામાજીની શોભા નિહાળી સુંદરસાથ ધન્યતાનો અનુભવ કરવા લાગ્યા. સુંદરસાથે શ્રી રાજશ્યામાજીની સવારીની સાથેસાથે મંદિરની પરિક્રમા કરી. મંદિરની સમ્મુખ પ્રાંગણમાં થોડા સમય માટે શ્રી રાજજીશ્યામાજી બિરાજમાન થયા. સુંદરસાથે

ફરતી પરિક્રમા કરી, રાસ-ગરબા અને દર્શન કરી ધન્યતાનો અનુભવ કરવા લાગ્યા. બધાને એવું લાગ્યું કે, વર્ષમાં એકવાર શ્રી રાજશ્યામાજી મંદિરમાંથી બહાર આવી આપણને દર્શન આપે છે જેથી આપણે સૌ કૃતકૃત્ય થઈ ગયા, ભાગ્યશાળી થઈ ગયા. શ્રી રાજજીની સવારી મંદિરમાં પ્રવેશ કરી મધ્યભાગમાં બિરાજમાન થયા બાદ આરતી કરવામાં આવી. બધા સુંદરસાથે આરતીનો લાભ પ્રાપ્ત કરી ધન્ય ધન્ય બની ગયા. તે પછી સુંદરસાથ રાસનો આનંદ લીધો. રાસના સમયે સુંદરસાથ સમગ્ર મંદિરની પરિક્રમા કરી આનંદિત થયા. ત્યારબાદ ભોજન પ્રસાદ લઈ બધાંએ પોતપોતાના ઘરની તરફ પ્રસ્થાન કર્યું.

આ રીતે આ વર્ષે હજારો સુંદરસાથે શ્રી પ્રાણનાથ પ્રાગટ્ય મહોત્સવનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો.

**વિશેષ :** આ પ્રસંગે તા. ૨૮-૯-૨૦૧૧ ના રોજ શ્રી રાજજીને ૧૦૦૮ મીનીકરણશાહી લાડુનો રાજભોગ ધરાવવામાં આવ્યો. રાજભોગનો પ્રસાદ પ્રાપ્ત કરી સુંદરસાથજી અતિ હર્ષિત થયા.

આ મહોત્સવ પ્રસંગે ગુજરાત સરકારના માનનીય મંત્રીશ્રી, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી, ધારાસભ્યશ્રી, જામનગર શહેરના મેયરશ્રી, ડેપ્યુટી મેયરશ્રી, સ્ટેન્ડીંગ કમિટીના અધ્યક્ષશ્રી તથા ભારતીય જનતા પાર્ટીના જિલ્લા પ્રમુખ, શહેર પ્રમુખ, ઉપાધ્યક્ષ, મહાસચિવ, કાર્પોરેટરશ્રી વગેરે અનેક રાજનેતાઓએ પણ ઉપસ્થિત રહી ધર્મલાભ લીધો.

**કનકરાય વ્યાસ તથા યોગેન્દ્ર ઉપ્રેતિ**

---

# દીપાવલી તેમજ નવા વર્ષની શુભકામના

**આપ સહુ સુંદરસાથને દીપાવલી તેમજ નવાવર્ષની મંગલમય કામના પાઠવતા અમોને અપાર હર્ષનો અનુભવ થાય છે. શ્રી રાજજીની અસીમ અનુકમ્પાથી દીપાવલીનું પર્વ આપની આત્મ જ્યોતિ પ્રકટાવવા સહયોગી બને તેમજ નવાવર્ષમાં આપ સહુ ભૌતિક તથા આધ્યાત્મિક સુખ પ્રાપ્ત કરી જીવનને ધન્ય બનાવજો. સહુને પ્રણામ.**

**પત્રિકા પરિવાર**

# વિશ્વ શાંતિના પુરસ્કર્તા મહામતિ શ્રી પ્રાણનાથજી

કનકરાય વી. વ્યાસ - જામનગર

ભારતીય સંસ્કૃતિના વિકાસમાં ઉત્તર ભારત, મહારાષ્ટ્ર, બંગાળ વગેરે પ્રદેશોના સંતોએ ખૂબ જ ફાળો આપ્યો છે. આ વાત સુવદિત છે. પરંતુ આ બાબતમાં ગુજરાત ભારતના બીજા કોઈ ભાગ કરતાં પાછળ રહ્યું નથી. એ વાત હજુ પૂરતી રીતે જાણીતી નથી. મહામતિ શ્રી પ્રાણનાથજી એવા જાગૃત આત્મા હતા કે જેઓ સત્યની સાથે એકરસ થઈ ગયા હતા. આવા પ્રખર મહાપુરુષોની પરંપરા ભારતમાં ઉપલબ્ધ થયેલ છે. ભારત એ જ કારણથી ભાગ્યશાળી છે. વિશ્વની અંદર સંસ્કૃતિઓ અસ્તિત્વમાં આવીને નાશ પામી પરંતુ ભારતની સંસ્કૃતિ પોતાના સંતોથી અજર અને અમર છે. સૌરાષ્ટ્ર પ્રાચીન સમયથી જ પોતાની ઐતિહાસિક પરંપરાથી અત્યંત પ્રસિદ્ધ છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ આજ પુણ્ય ભૂમિ પર જન્મ લઈને હિન્દુ-મુસ્લિમ એકતા તથા વિશ્વ શાન્તિનો મહાન મંત્ર ફૂંક્યો. ભક્ત શિરોમણિ નરસિંહ મહેતાએ પાંચસો વર્ષ પૂર્વે આ જ પુણ્ય ભૂમિ પર ભક્તિ રસનો અમર સ્રોત પ્રવાહિત કર્યો હતો. સૌરાષ્ટ્રમાં નવાનગર આધ્યાત્મિક વિદ્યાનું પ્રાચીન કેન્દ્ર હતું. જે આજે જામનગર નામે ઓળખાય છે. અહીં જ મહામતિ શ્રી પ્રાણનાથજીનો પ્રાદુર્ભાવ થયો હતો.

**જીવન પરિચય :** મહામતિ શ્રી પ્રાણનાથજીનો જન્મ નવાગરમાં (વિક્રમ સંવત ૧૬૭૫ ભાદરવા વદી ચૌદશ) રવિવાર ૬ સપ્ટેમ્બર ૧૬૧૮ ઈ.સ.ના રોજ લોહાણા જ્ઞાતિના સદ્‌ગૃહસ્થ શ્રી કેશવરાય ઠક્કર અને માતા ધનબાઈની કૂખે થયો હતો. તેઓશ્રીનું બાલ્યકાળનું નામ મહેરાજ હતું. તેમના પિતાનું નામ કેશવરાય ઠક્કર અને માતાનું નામ ધનબાઈ હતું. તેમના પિતાશ્રી જામનગરના દીવાન હતા. બાલ્યાવસ્થા રાજસી વૈભવમાં પસાર થવા છતાં પણ તેઓ હંમેશા તત્ત્વ ચિન્તનમાં લીન રહેતા તથા પ્રાણી માત્રના સાંસારિક કષ્ટ કેવી રીતે દૂર થાય તે પર વિચાર કરતા હતા. તેઓ ૧૨ વર્ષના હતા. તે વખતે તેમનું મિલન શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મના સંસ્થાપક નિજાનંદાચાર્ય શ્રી દેવચન્દ્રજી મહારાજ સાથે થયું. તેઓ શ્રી દેવચન્દ્રજીના અધ્યાત્મ જ્ઞાનથી પ્રભાવિત થયા અને શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મના અનુયાયી બન્યા. શ્રી દેવચન્દ્રજી મહારાજના ધામગમન પછી ધર્મની બધી જ જવાબદારી તેઓએ સંભાળીને ધર્મ પ્રચારનું કાર્ય શરૂ

કર્યું. તેઓએ અરબસ્તાન, મસ્કત, ઈરાન અને અફઘાનિસ્તાનનો પ્રવાસ ખેડી ત્યાંના ધર્મ, ભાષા વગેરેનું જ્ઞાન મેળવેલું. ખ્રિસ્તી અને યહૂદીઓનાં ધર્મ પુસ્તકોનો પણ એમણે અભ્યાસ કર્યો હતો.

**ધર્મ-પ્રચાર :** વિ.સં. ૧૬૭૫ થી ૧૭૨૨ સુધી જન્મભૂમિ નવાનગરમાં જ રહ્યા. વિ.સં. ૧૭૨૨ માં જન્મભૂમિ છોડીને વાહન-વ્યવહારની અગવડવાળા એ સમયે ધર્મયાત્રા ઘણી કઠિન હોવા છતાં માનવકલ્યાણની જ્યોતને પ્રજવલિત રાખવા ધર્મ પ્રચાર કરવા નીકળ્યા. આઠ વર્ષ સુધી ગુજરાત, કચ્છ, રાજસ્થાન, વગેરે સ્થાનોમાં ભ્રમણ કરી ત્યાંથી દિલ્હી, મથુરા, હરિદ્વાર, અનૂપ શહેર, ઉદયપુર, મન્દસૌર, ઉજ્જૈન, મહારાષ્ટ્ર, રામનગર, ગઢા વગેરેમાં ધર્માપદેશ કરતાં કરતાં બુન્દેલખંડ પહોંચ્યા. બુંદેલખંડમાં મઉ, બિજાવર, કલાપી, ચિત્રકૂટ વગેરે ફરતાં ફરતાં પન્નાને અંતિમ સ્થાન બનાવી જીવનનાં અંતિમ દિવસો અહીં જ પસાર કર્યા. પન્નાની અંદર એક વિશાળ મંદિર બંધાવેલ છે. જે પ્રાણનાથજીના મંદિર નામે(શ્રી પદ્‌માવતીપુરી ધામ) પ્રખ્યાત છે ને તેઓએ અહીં જ અંતિમ સમાધિ લીધેલ છે.

**મહારાજા શ્રી છત્રસાલજી મહામતિ શ્રી પ્રાણનાથજીને ગુરુ બનાવે છે :** ઔરંગઝેબના સમયમાં (ઈ.સ. ૧૬૫૮-૧૬૮૦) બુંદેલખંડ (હાલ મધ્ય પ્રદેશોનો અને તેની નજીકનો તે ભાગ કે જેમાં ઝાંસી દતિયા પન્ના, વગેરે આવેલા છે.)ના મહારાજા છત્રસાલ શિવાજીના મોટા ટેકેદાર હતા અને શિવાજીની સલાહથી તેમણે ભારતના મધ્ય ભાગ(બુન્દેલખંડ અને માળવા) માં હિન્દુત્વ વિરોધી ઔરંગઝેબની સત્તા સામે બંડ ઉઠાવ્યું હતું. ઈતિહાસમાં શિવાજી પછી છત્રસાલ તે સમયના હિન્દુત્વના રક્ષક ગણાયા છે. શ્રી પ્રાણનાથજી જ્યારે બુન્દેલખંડમાં મઉ(ઝાંસી પાસે) પહોંચ્યા તો ત્યાં તેમને મહારાજા છત્રસાલજી સાથે મુલાકાત થઈ અને શ્રી છત્રસાલજી તેમના શિષ્ય બન્યા તે વખતે શ્રી પ્રાણનાથજીએ છત્રસાલજીને આશીર્વાદ આપતાં કહ્યું કે **'છત્તા તેરે રાજ મેં, ધક ધક ધરતી હોય. જિત જિત ઘોડા પગ ધરે, તિત તિત ફત્તેહ હોય'.**

**ઐતિહાસિક મહત્ત્વ :** મહામતિ શ્રી પ્રાણનાથજીનો દૃષ્ટિકોણ વિશ્વ વ્યાપક હતો અને તેમનું જીવન સાંસ્કૃતિક દૃષ્ટિથી મહત્ત્વનું હતું. તે મધ્યયુગની રાજનીતિને વિશ્વવ્યાપી ધાર્મિક બનાવા માગતા હતા. ઔરંગઝેબને ઉદારતાવાદી ધર્મનું સાચું સ્વરૂપ સમજાવવા માટે તેઓએ ૧૬ મહિના સુધી દિલ્હીમાં સત્યાગ્રહ કર્યો હતો. પ્રસિદ્ધ ઈતિહાસકાર જદુનાથ સરકાર તેને ઈતિહાસનો મહત્ત્વપૂર્ણ પ્રસંગ માને છે.

૧૬ માં સૈકામાં અકબરની ધાર્મિક સહિષ્ણુતા ભરેલી નીતિને લઈ ખ્રિસ્તી

ધર્મને ઠીક ઠીક માન મળ્યું. આ રીતે ૧૬ માં સૈકાથી હિન્દુ ને ઇસ્લામની સાથે ખ્રિસ્તી ધર્મ પણ મહત્ત્વનો થઈ પડ્યો. આ ત્રણે ધર્મના સમન્વનો પ્રથમ પ્રયાસ શ્રી પ્રાણનાથજીએ કરેલો. આ વાત તેઓશ્રીના જીવન અને ઉપદેશને ઐતિહાસિક મહત્ત્વ બક્ષે છે.

સ્વામી શ્રી પ્રાણનાથજીએ મહારાજા છત્રસાલને શિષ્ય બનાવી રાષ્ટ્રીયતાની ચિનગારી પ્રજવલિત કરી. તેઓશ્રીએ છત્રસાલને પન્નામાં હીરાની ખાણનું વરદાન દીધું ને આ પ્રમાણે આર્થિક સહાયતા કરી (આજે પણ પન્નામાં જે હીરાની ખાણો મળી આવે છે તે શ્રી પ્રાણનાથજી ના વરદાનથી જ અસ્તિત્ત્વમાં આવેલી હોવાનું મનાય છે.) વિજયા દશમીને દિવસે તલવાર ભેટ આપીને રાજનીતિની બાબતનું આધ્યાત્મિક શક્તિથી સમર્થન કર્યું.

**ધાર્મિક અને સામાજિક મહત્ત્વ :** સ્વામી શ્રી પ્રાણનાથજીએ ધાર્મિક ક્ષેત્રમાં હિન્દુ-મુસ્લિમ એકતાનું સમર્થન કરી ધાર્મિક ઐક્યને મહત્ત્વ આપ્યું અને સામાજિક ક્ષેત્રમાં જાતિય વ્યવસ્થા અને અસ્પૃશ્યાતાનો વિરોધ કર્યો. સ્ત્રીઓને માટે તેઓનો ઉદાર મત હતો. ધાર્મિક ક્ષેત્રે તેઓ કર્મકાંડના વિરોધી હતા. આત્માની પવિત્રતાની ઉપેક્ષા કરી બાહ્ય શુદ્ધતાનો ઢોંગ કરનારને તેઓ માનતા નહિ. આધુનિક યુગમાં મહાત્મા ગાંધીજીનું એવું ઉદાહરણ મળે છે. એમણે હિન્દુ-મુસ્લિમ એકતા માટે પ્રાર્થના સભામાં ગીતાને કુરાનનો પાઠ સાથે કર્યો હતો. આજ કાર્ય આજથી સાડા ત્રણસો વર્ષ પૂર્વે મહામતિએ કર્યું હતું. તેઓ ફક્ત **'ઈશ્વરને અલ્લાહ એક જ છે.'** એમ કહીને બેસી નથી રહ્યા, પરંતુ પોતાની ધર્મ સભામાં કુરાન અને પુરાણ બન્નેનું સમ્માન થતું હતું.

મહામતિ શ્રી પ્રાણનાથજી ઉચ્ચ કોટિના સાધક હતા. તેઓએ બધા ધર્મોની મૌલિક એકતા પર ભાર મૂક્યો. આપશ્રીનો દષ્ટિકોણ હંમેશા માનવતાવાદી હતો. બધા ધર્મોની મૌલિક એકતાનો પ્રયાસ આપશ્રીએ કર્યો હતો.

**વિશ્વ ધર્મ :** ધર્મના નામ પર ઝઘડા એટલા માટે થતાં હોય છે કે લોકો પરમતત્ત્વને ભિન્ન-ભિન્ન નામોથી પોકારતા હોય છે. આ પ્રમાણે વિભિન્ન મતના લોકોએ પોતાની વેશભૂષાઓ પણ અલગ-અલગ પ્રકારની બનાવેલી છે. પરંતુ તેઓ બધા સમજી શકતા નથી કે બધાના પરમાત્મા એક જ છે. આના સંદર્ભમાં તેઓ કહે છે કે,

**જુદે જુદે નામેં ગાવહી, જુદે જુદે ભેષ અનેક ।**
**જિન કોઈ ઝઘડો આપમેં, ધની સબોંકા એક ॥**

**(સનંધ ગ્રન્થ ૪૧/૭૨)**

મહામતિ શ્રી પ્રાણનાથજીને પૂર્ણ વિશ્વાસ હતો કે વિશ્વનો માનવ સમુદાય વિશ્વ ધર્મ તરફ અગ્રેસર થઈ પગલાં માંડશે ત્યારે એકરૂપતા આવવા લાગશે. તેઓશ્રીએ આવી સ્થિતિની પરિકલ્પના કંઈક આ પ્રમાણે કરી છે. **"સબ જાતેં મિલી એક ઠોર, કોઈના કહે ધની મેરા ઔર ।" (પ્રકાશ હિન્દી ૩૭/૧૦૭)**

વિશ્વની બધી જ જાતિઓ માનવો કેટલાંક સર્વમાન્ય મુદ્દાઓ પર એક થઈને એ સ્વીકારશે કે અમારા બધાના સ્વામી પરમાત્મા એક જ છે. આ પ્રકારની પરિસ્થિતિ આવવાથી સર્વત્ર ઐક્ય છવાઈ જશે, તેમજ બધા સમુદાયના લોકો એક સાથે મળીને પોત પોતાના વ્યવહાર પરસ્પરની દ્વેષ ભાવાને છોડીને દરેક સાથે સદ્ભાવના તથા પ્રેમમય વ્યવહાર માટે પ્રયત્નશીલ બનશે તો સમગ્ર વિશ્વમાં શાંતિ છવાઈ જશે.(કિરંતન ૫૪/૧૨)

પ્રત્યેક પ્રાણીઓમાં પાંચ ભૌતિક શરીર તેમજ ચેતના છે. ચેતનાની જાતિ પરમાત્માની છે અને શરીરની જાતિ નશ્વર જગતની છે. પછી મનુષ્ય પરસ્પર શત્રુતા શા માટે રાખે છે ? આવી સમજ દરેક દેશ-જાતિના લોકોને આવી જશે ત્યારે આક્રમક વિચારધારાવાળા કે સહિષ્ણુ સ્વભાવવાળા માનવ સમુદાયમાં પરસ્પર મેળાપ શક્ય બનશે.

સમાજ સુધારની સાથે મહામતિ શ્રી પ્રાણનાથજી એક મહાન સાહિત્યકાર પણ હતા. તેમના કલા સંબંધી જ્ઞાનનો પરિચય તેઓની દિવ્યવાણી "તારતમ સાગર" માં સંગ્રહિત છે. એમાં ૧૮૭૫૮ ચોપાઈઓ સંકલિત છે. ભાષાના ક્ષેત્રે પણ તેઓની મૌલિક દેન છે. આજથી લગભગ ૩૫૦ વર્ષ પૂર્વે ખડીબોલી પર આધારિત હિન્દીને રાષ્ટ્રભાષા માની એમાં રચના કરવાનું મહાન શ્રેય મહામતિ શ્રી પ્રાણનાથજીને જ છે. તેઓ સંસ્કૃત, હિન્દી, ગુજરાતી, ફારસી, અરબી, સિન્ધી વગેરે અનેક ભાષાઓ જાણતા હતા. તારતમ સાગરમાં હિન્દી ઉપરાંત ગુજરાતી સિન્ધી જાટી, ઉર્દૂ વગેરે ભાષાની રચના આપે છે. આ ગ્રન્થમાં તેઓએ વેદ અને કુરાનનો આધાર ટાંકીને બન્ને ધર્મોમાં રહેલી સમાનતા બતાવાનો પ્રયાસ કર્યો છે તથા હિન્દુ, મુસલમાન, યહૂદી, ઈસાઈ બધા ધર્મોના પીર, પયંગબરો અને મહાત્માઓના ઉપદેશોનો રહસ્ય સ્પષ્ટ કર્યો છે અને દરેકમાં રહેલી  મૌલિક સમાનતા બતાવી છે.

સંવત ૧૭૩૫ ઔરંગઝેબનો સમય હતો. સન્તો તથા હિન્દુઓને પારાવાર મુશ્કેલી હતી તથા મંદિર અને મૂર્તિઓને ખંડિત થતાં જોઈ મહામતિ શ્રી પ્રાણનાથજીએ આવા અત્યાચાર રોકવા દૃઢ સંકલ્પ કર્યો. મહામતિ શ્રી પ્રાણનાથજી કુંભપર્વ પર હરિદ્વાર પહોંચ્યા હતા. તેમને બધા સંતોને એકત્રિત કરી ઔરંગઝેબના અત્યાચારોમાંથી મુક્તિ મેળવવા સૌને એક થઈ સામનો કરવા કહ્યું પણ સામ્પ્રત ધર્મ

નેતાઓ સંકુચિતતાના દાયરામાંથી મુક્ત થઈ શકે તેમ ન હતા. તેથી આપશ્રીએ નક્કી કર્યું કે હરિદ્વારના કુંભ મેળામાં જવું અને તેઓ સાથે ધર્મ ચર્ચા કરી સાચું "બ્રહ્મજ્ઞાન" કરાવવું આવા સંકલ્પ સાથે તેઓ કુંભ મેળામાં ગયા. ત્યાં તે સમયે દરેક સમ્પ્રદાયના આચાર્યો, મહંતો, સંતો વગેરે પોતાના નિશાન ડંકા સહિત ઉપસ્થિત હતા. મહામતિ શ્રી પ્રાણનાથજી સાથે શાસ્ત્રાર્થ થયો. શ્રી પ્રાણનાથજીએ બધા ધર્માવલંબીઓને પરાસ્ત કરી ધર્મ વિજયી થયા એટલે ત્યાં ઉપસ્થિત સર્વેએ મળી શ્રી પ્રાણનાથજીની આરતી ઉતારી તેઓશ્રીને "શ્રી વિજયાભિનન્દબુદ્ધ નિષ્કલંક" ની પદવીથી વિભૂષિત કર્યા. શ્રી પ્રાણનાથજીએ આ શુભદિનની યાદમાં શાકા વર્ષ શરૂ કર્યો. આજે પણ સામ્પ્રત પરિસ્થિતિમાં તેમની અમરવાણી આપણને નવી આશા, નવી ચેતના અને માનવ માત્રને સુચારુ રૂપે ચાલવાનું માર્ગદર્શન કરે છે.

મહામતિ શ્રી પ્રાણનાથજીએ સમન્વયાત્મક દૃષ્ટિ અપનાવીને ભારતીય સંસ્કૃતિને અમરતાનું વરદાન આપેલ છે. શ્રી પ્રાણનાથજી પર ફક્ત પ્રણામીઓનું જ નહીં, ફક્ત બુન્દેલખંડની ભૂમિનું જ નહીં પરંતુ સમસ્ત દેશ અને વિશ્વ કલ્યાણના મહાન સંદેશ પર વિશ્વાસ રાખવાવાળી સમસ્ત માનવ જાતને ગર્વ છે.

આ પ્રમાણે મહામતિ શ્રી પ્રાણનાથજી માનવીના આધ્યાત્મિક ઉત્થાનની સાથોસાથ સમાજ સુધારણાનો ઉપદેશ આપી વિશ્વ ધર્મની બુનિયાદ ખડી કરી ભારતીય સંસ્કૃતિની ભવ્યતાને વિશ્વ કલ્યાણના મહાન સંદેશ દ્વારા વ્યક્ત કરી માનવ જાતને સાતા આપવાનો પ્રયત્ન કર્યો હતો.

## શ્રી ૫ નવતનપુરી ધામ - જામનગરની વિવિધ સેવાઓ

| | | |
|---|---|---|
| ૫૦૦૧/- | દવાખાનાની સેવા | (માસિક) |
| ૨૫૦૧/- | ગૌશાળાની સેવા | (દૈનિક) |
| ૧૭૦૧/- | સાદી રસોઈની સેવા | (ઉત્સવ સિવાય)(દૈનિક) |
| ૧૧૦૦/- | ગોટા પારાયણની સેવા | (દૈનિક) |
| ૭૫૧/- | પારાયણની સેવા | (સાપ્તાહિક) |
| ૫૦૧/- | અખંડ દીપકની સેવા | (માસિક) |
| ૫૦૧/- | રાજભોગ(થાળભોગ)ની સેવા | (દૈનિક) |
| ૨૫૧/- | ધૂપ અગરબતીની સેવા | (માસિક) |
| ૨૦૧/- | પાંચ આરતી માટે ઘીની સેવા | (માસિક) |
| ૨૦૧/- | બાલભોગની સેવા | (દૈનિક) |

# Pranami Education LLP

## ડિપોઝિટ યોજના

પ્રણામી એજ્યુકેશન LLP અંગે આપ પરિચિત થયા છો. એમાં ડિપોઝિટ કરવાની બે યોજનાઓ છે જેમાં આપ રૂા. ૨૫૦૦૦/- કે તેના ગુણાંકનમાં મૂડી રોકાણ કરી શકો છો.

૧. પ્રથમ યોજના ચાર વર્ષ માટે છે જેમાં ૫ ટકા વાર્ષિક દર પર વ્યાજ આપવાનો નિયમ બનાવવામાં આવેલ છે. એમાં પહેલા બે વર્ષ સુધી વ્યાજ આપવામાં નહીં આવે અને બાકીના બે વર્ષમાં ૧૦ ટકાના દરે વ્યાજ આપવામાં આવશે. આ રીતે ચારેય વર્ષનું કુલ ૨૦ ટકા વ્યાજ છેલ્લા બે વર્ષોમાં ચૂકવવામાં આવશે.

૨.બીજી યોજના આઠ વર્ષ માટે છે જેમાં દર વર્ષના ૬ ટકાના દરથી વ્યાજ આપવાની વ્યવસ્થા કરી છે. એમાં પણ પ્રથમ ચાર વર્ષમાં વ્યાજ આપવામાં આવશે નહીં અને બાકીના ચાર વર્ષમાં દર વર્ષના ૧૨ ટકાના દરે વ્યાજ આપવામાં આવશે. આ રીતે આઠ વર્ષનું કુલ વ્યાજ ૪૮ ટકા થશે જે અંતિમ ચાર વર્ષોમાં આપવામાં આવશે.

ઉપરોક્ત યોજનાઓને સ્પષ્ટ રીતે સમજાવનાર અરજી પત્રકો (ફોર્મ) છપાવવામાં આવ્યા છે. જેને પણ આ યોજનામાં રસ હોય તેઓ કૃપા કરી ફોર્મ ભરીને તેમાં જણાવ્યા પ્રમાણે પોતાની રકમ બેંકમાં જમા કરાવી શકે છે. ત્યારબાદ સંસ્થા થોડા દિવસો પછી અપને પ્રમાણ પત્ર(ડિપોઝિટનું સર્ટીફિકેટ) મોકલશે.

(સંતસભા)

HAPPY DEEPAWALI



# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકાની સાહિત્ય સેવા

**અમેરિકા :** શ્રી લાલજીભાઈ બાવસરવાળા અને પશાભાઈ આમોદ્રાવાળાને ત્યાં વીતક કથા કરી તેની પૂર્ણાહુતિ શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર ટેનેસીમાં શ્રી રમણરાજ શાસ્ત્રીજીના વરદ હસ્તે કરવામાં આવેલ તેની ખુશાલીમાં શિરીષભાઈ અને રીનાબેન તરફથી ત્યાંના મંદિરને ૨૫૧/ ડોલરની ભેટ કરવામાં આવેલ છે.

**મેવાસા :** મેવાસા ગામના સમસ્ત સુંદરસાથજી તરફથી શ્રી પ્રાણનાથ પ્રાગટ્ય મહોત્સવના ઉપલક્ષ્યમાં તા. ૩૦-૯-૨૦૧૧ ના રોજ ભોજન-પ્રસાદની સેવાનું સૌજન્ય પ્રાપ્ત થયું છે. તે ઉપલક્ષ્યમાં સમગ્ર સુંદરસાથે મળી રૂા. ૩૧૫૧/ સાહિત્ય સેવામાં અર્પણ કર્યા છે. ધન્યવાદ.

**મિત્રાલ :** ખેડા જિલ્લાના મિત્રાલ ગામના સુંદરસાથજી શ્રી પ્રાણનાથ પ્રાગટ્ય મહોત્સવ પ્રસંગે મિત્રાલથી જામનગર પદયાત્રા કરીને આવ્યાની ખુશી પ્રસંગે પદયાત્રી સંઘ તરફથી રૂા. ૧૧૦૦/ ભેટ મળી છે.

**મોવિયા :** ધર્મજ્ઞા શ્રી કુંદનબેન સુધીરકુમાર પટેલના લગ્નપ્રસંગની ખુશાલી અર્થે સાહિત્ય સેવામાં રૂા. ૧૦૦૦/ ભેટ મળી છે. નવદંપતિ પર સદાય શ્રીજીની અસીમ મહેર રહે એવી શુભકામના સહ અભિનંદન.

**હર્ષદપુર :** સમસ્ત સુંદરસાથજી હર્ષદપુર તરફથી સદ્ગુરુ શ્રી દેવચંદ્રજી મહારાજની ધામગમન તિથિના દિવસે ઉપવાસ કરી વિરહના કીર્તનોનું ગાન કરેલ તથા પૂનમના દિવસે બટુક ભોજન, બ્રહ્મભોજનનો ભંડારો કર્યો હતો તે નિમિત્તે સાહિત્ય સેવામાં રૂા. ૧૦૦૧/ ભેટ મળી છે. ધન્યવાદ.

**વલસાડ :** પરમધામવાસી ઉત્તમભાઈ ગોવિંદજી ભાવસાર, નરોત્તમ ગોવિંદજી ભાવસાર, નવીનચંદ્ર નારણદાસ કાપડિયા, પદ્માબેન ઉત્તમભાઈ ભાવસાર, હીરાબેન નવિનચંદ્રના સ્મરણાર્થે સાહિત્ય સેવામાં રૂા. ૫૫૫/ મળ્યા છે. હ. સુશીલકુમાર ભાવસાર.

## રૂા. ૫૦૦/

**રાજકોટ :** ધર્મજ્ઞશ્રી જગાભાઈ, છગનભાઈ, ચનાભાઈ તરફથી શ્રી ૫ નવતનપુરી ધામમાં પાકી રસોઈ આપ્યાની ખુશી પ્રસંગે ભેટ મળી છે.

**મુંબઈ :** ધર્મનિષ્ઠશ્રી તુલસીદાસ નારાયણદાસ ઠક્કરના સુપુત્ર ગૌતમભાઈના ચિ. ધર્મિત ઠક્કર વધુ અભ્યાસ અર્થે યુ.કે.(લંડન) જતાં પૂર્વે શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે તથા પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ માટે આવ્યા તે પ્રસંગે ભેટ મળી છે. આપની કારકિર્દી હંમેશા તેજસ્વી બને એવા શુભાશિષ.

**કાલાવડ :** ધર્મજ્ઞા શ્રીમતી સાવિત્રીબેન તથા ધનજીભાઈ તાડાના સુપુત્ર ચિરાગકુમારને અમેરિકામાં જોબ મળ્યાની ખુશાલી પ્રસંગે ભેટ. અભિનંદન.

**બારડોલી :** ધર્મજ્ઞશ્રી જગદીશ આર.ભાવસાર તરફથી પત્રિકાની સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળી છે. ધન્યવાદ.

**વાસદ :** ધર્મજ્ઞશ્રી મીત સંજયભાઈ પટેલ

એસ.એસ સી માં ૯૨ ટકા ગુણ મેળવી પાસ થયાની ખુશાલી પ્રસંગે ભેટ. અભિનંદન.

**બાબરા :** ધર્મજ્ઞશ્રી વિવેકભાઈ કમલેશભાઈ કટારિયાના ચિ. ભાઈ ભાર્ગવના શુભલગ્ન પ્રસંગની ખુશાલી અર્થે ભેટ. નવદંપતિ પર શ્રી રાજશ્યામાજીની અસીમ કૃપા રહે એવી શુભકામના સહ અભિનંદન.

**બામણવાડા :** ધામવાસી ગોવિંદભાઈ જીવાભાઈ રામની પાવન સ્મૃતિમાં સાહિત્ય સેવામાં ભેટ.

**આમોદરા :** ધર્મજ્ઞશ્રી દાદા પોપટભાઈ તરફથી સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**વાપી :** ધર્મજ્ઞશ્રી પ્રકાશભાઈ નાનુભાઈ ભાવસાર તરફથી ચિ. અંકિતનો જન્મદિન તા ૧૧/૧૦ અને ચિ. હાર્દિકનો જન્મદિન તા. ૫/૧૦ ના રોજ હતો તેની ખુશી પ્રસંગે ભેટ. બન્નેને અભિનંદન.

**વાપી :** ધર્મજ્ઞશ્રી પ્રકાશભાઈ નાનુભાઈ ભાવસાર તરફથી શ્રી અંકિતભાઈ તથા શ્રી હાર્દિકભાઈને નોકરી મળ્યાની ખુશાલી પ્રસંગે ભેટ મળી છે. આપ બન્ને આપની કારકિર્દીમાં દિન પ્રતિદિન પ્રગતિ કરતાં રહો એવી શુભકામના સહ અભિનંદન.

**નિકોડા :** ધર્મજ્ઞાશ્રી અસ્મિતાબેન એમ. પટેલ તરફથી તેમના સુપુત્ર માનવને શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે લાવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**પીપળિયા :** ધર્મજ્ઞા ધીરજલાલ વિઠ્ઠલભાઈ તરફથી શુભેચ્છા ભેટ મળી છે. ધન્યવાદ.

**છત્તર :** ધર્મજ્ઞશ્રી ખિલવતકુમાર દિલીપભાઈ પાનસુરિયા તરફથી એઓશ્રીએ નવું મીની ટ્રેક્ટર ખરીદ કર્યાની ખુશાલી પ્રસંગે ભેટ. નવું ટ્રેક્ટર આપને લાભપ્રદ રહે એવી શુભકામના.

**નવસારી :** નવસારી મહિલા મંડળની બહેનો શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**નવસારી :** ધર્મજ્ઞશ્રી રમેશભાઈ વિઠ્ઠલભાઈ ભંડેરી શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

## રૂા. ૨૫૧/

**અમરેલી :** શ્રી ભરતભાઈ બાબુભાઈ સાવલિયા તરફથી સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**સાકરોડિયા :** ધર્મજ્ઞા ગંગાબેન ધૂળાભાઈ પટેલ તરફથી સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**હર્ષદપુર :** ધર્મજ્ઞા રમાબેન અરજણભાઈ પટોરિયાની પુણ્યતિથિ પ્રસંગે સાહિત્ય સેવામાં ભેટ.

**દલપુર :** શ્રી રમેશકુમાર ગોવિંદભાઈ પટેલને કમ્પ્યૂટર સાયન્સ સેમીસ્ટર ૬ માં સારો ક્લાસ આવ્યાની ખુશીમાં સાહિત્ય સેવામાં ભેટ.

**જારૂસા :** સમસ્ત સુંદરસાથ જારૂસા તરફથી શુભેચ્છા ભેટ.

**પીપળાતા :** શ્રી ગોવિંદભાઈ માનાભાઈ પરમારના સુપુત્ર મેહુલકુમાર ઈલે. એંજિનિયરીંગમાં પાસ થયાની ખુશી પ્રસંગે ભેટ. અભિનંદન.

**સુરત :** શ્રી કાંતિભાઈ જેરામભાઈ તરફથી શુભેચ્છા ભેટ.

**રાજકોટ :** શ્રી બિપીનભાઈ ભૂરાભાઈને ત્યાં તા. ૧૫-૯-૧૧ ના રોજ પુત્રરત્ન પ્રાપ્તિ થયાની ખુશાલી પ્રસંગે ભેટ. અભિનંદન.

**કાલાવડ :** શ્રી શ્યામાજી મહિલા મંડળ-કાલાવડ તરફથી શ્રી પ્રાણનાથ પ્રાગટ્ય મહોત્સવ પ્રસંગે દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**વિરપુર :** શ્રી વલ્લભભાઈ ગોવિંદભાઈ ડોબરિયાના સુપુત્ર આશિષને નોકરી મળ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**વિરપુર :** શ્રી વલ્લભભાઈ ગોવિંદભાઈ ડોબરિયાની સુપુત્રી હીનાબેનને ત્યાં પુત્રરત્ન પ્રાપ્તિ થયાની ખુશાલી પ્રસંગે ભેટ.

## રૂા. ૨૦૦/

**અમદાવાદ :** શ્રીમતી આશાબેન યશવંતભાઈ માલવિયાના સુપુત્ર હર્ષ માલવિયા ૨૦૧૧ માં લેવાયેલી સી.એ. અને સી. એસ. ની પરીક્ષામાં પાસ થયાની ખુશાલી પ્રસંગે ભેટ. અભિનંદન.

**હિંમતનગર :** શ્રી રસિકલાલ કે. પંડયા તરફથી શુભેચ્છા ભેટ.

**માંડાસણ :** શ્રી વ્રજલાલ કરમશીભાઈ ભંડેરી તરફથી શુભેચ્છા ભેટ મળેલ છે.

**પોરબંદર :** શ્રી ખીમાભાઈ મેરામણભાઈ તરફથી શુભેચ્છા ભેટ.

**નિકોડા :** શ્રી રોનક વિઠ્ઠલભાઈ પટેલને ત્યાં પુત્રરત્ન પ્રાપ્તિ થયાની ખુશાલી પ્રસંગે ભેટ. અભિનંદન. હ. વિઠ્ઠલભાઈ હાથીભાઈ.

**પટરામા :** શ્રીમતી નીરુબેન બેચરભાઈ રખિયાલ તરફથી શુભેચ્છા ભેટ.

**ભરૂચ :** જીલ અને ભવ્યના જન્મદિન પ્રસંગે શુભેચ્છા ભેટ. હ. અરવિંદભાઈ પટેલ.

## રૂા. ૧૫૧/

**જૂનાગઢ :** શ્રી મહેન્દ્રભાઈ લક્ષ્મીદાસ ગોટેચાએ આચાર્ય મહારાજશ્રી પાસેથી શ્રી ૫ નવતનપુરી ધામમાં તારતમ મંત્ર ગ્રહણ કરી કંઠી બંધાવી તેની ખુશી પ્રસંગે ભેટ.

**ગણદેવી :** શ્રીમતી અંજનાબેન ધનસુખભાઈ ભાવસાર સપરિવાર રાધાષ્ટમીના ઓચ્છવ પર શ્રી ૫ નવતનપુરી ધામમાં દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**ગોધરા :** શ્રી ત્રિભોવનદાસ જેઠાલાલ ખડાયતા તરફથી શુભેચ્છા ભેટ.

**ઉપલેટા :** ધામવાસી લીલાવતીબેન કિશોરભાઈ કપુપરાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ગોટાપારાયણ કરી સાદી રસોઈ આપી તે પ્રસંગે ભેટ. હ. નિશાંત તથા કિશોરભાઈ ચનાભાઈ.

**યુ.કે. :** ખુશ્બૂ બેનના સુપુત્ર આર્યનના જન્મદિન(તા. ૪-૧૧-૧૦)ની ખુશાલી પ્રસંગે ભેટ. હ. રિપલ શાહ, અભિનંદન.

**વાપી :** શ્રી ચિરાગભાઈના સુપુત્ર વૈભવના જન્મદિનની (તા. ૨૩-૮-૧૧) ખુશાલી પ્રસંગે ભેટ. અભિનંદન.

**જામનગર :** ચિ. હર્ષિતના જન્મદિન (તા. ૨૧-૦૯-૧૧) ની ખુશાલી પ્રસંગે શ્રી રમેશભાઈ કોરાટ તરફથી ભેટ. અભિનંદન.

**રાજકોટ :** શ્રી અશ્વિનભાઈ તાડાના સુપુત્ર ચિ. ધ્રુવિલના જન્મદિન(૧૧-૮-૧૧ ની ખુશાલી પ્રસંગે ભેટ. અભિનંદન.

**રામપુરા(કુવાયડા):** શ્રી અંબાલાલ શિવરામ પટેલની સુપુત્રી ચિ. ગાયત્રીબેનને અમદાવાદ જિ. પં. શિ. સમિતિમાં ઉચ્ચ પ્રાથમિકમાં શિક્ષકની નોકરી મળ્યાની ખુશી પ્રસંગે ભેટ. અભિનંદન.

**મોયદ :** શ્રીમતી ઉષાબેન ડાયાભાઈ પટેલના સુપુત્ર ચિ. શ્યામના બાલમોવારા(બાબરી) ઉતરાવ્યા તે પ્રસંગે ભેટ.

**ઝંડા :** શ્રી પ્રકાશભાઈ વિઠ્ઠલભાઈ પટેલ તરફથી ચિ. હરસુખકુમારને સૈનિક સ્કૂલમાં એડમિશન મળ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**સાકરોડિયા :** શ્રી શંકરલાલ પી. પટેલ તરફથી ચિ. આદર્શના જન્મદિનની ખુશાલી પ્રસંગે ભેટ.

**રાજકોટ :** શ્રી લીલાભાઈ તરફથી શુભેચ્છા ભેટ મળેલ છે.

## રૂા. ૧૦૦/

૧)સુશ્રી માનસીબેન નરેન્દ્રભાઈ લીંબાણી-**રાજકોટ(મોવિયા).** ૨)શ્રી અરવિંદભાઈ વાદી-**કાલાવડ.** ૩)શ્રી જમનાબેન સિદપરા-**રાજકોટ.**૪)શ્રી હિંમતલાલ ગોવિંદજી ગોટેચા-**જૂનાગઢ(કોડિનાર).** ૫)સુશ્રી હેમલતાબેન ટીલાળા-**રાજકોટ.** ૬)શ્રી વી. રાવજીભાઈ પટેલ-**સિમરડા.** ૭) શ્રી વી. દિલીપભાઈ પટેલ-**સિમરડા.** ૮)શ્રી હર્ષ દિલીપભાઈ પટેલ-**સિમરડા.** ૯)શ્રી અંબેલાલ ડાયાભાઈ પટેલ-**સિમરડા.** ૧૦)શ્રી મહેન્દ્રકુમાર અનોપસિંહ ચૌહાણ-**કાલોલ.** ૧૧)સુશ્રી કોકિલાબેન ગોરધનભાઈ ચૌહાણ-**મિત્રાલ.** ૧૨)શ્રી ઉદયભાઈ સોમાભાઈ ચૌહાણ-**મિત્રાલ.** ૧૩)શ્રી વિઠ્ઠલભાઈ પુંજાભાઈ પટેલ-**ચોઈલા.** ૧૪)શ્રી વલ્લભભાઈ ચનાભાઈ-**ફત્તેપુર.** ૧૫)શ્રી ટપુભાઈ ચનાભાઈ પટોરિયા-**પડધરી.** ૧૬)શ્રી અમૃતભાઈ શામજીભાઈ પીપલિયા-**રાજકોટ.** ૧૭)શ્રી હરેશભાઈ કરસનભાઈ ફળદુ. ૧૮)શ્રી વસરામભાઈ કરસનભાઈ ફળદુ. ૧૯)શ્રી રાણાભાઈ પીઠાભાઈ રામ-**જૂનાગઢ.** ૨૦)શ્રીમતી મીરલબેન જિતેનભાઈ કપોપરા-**હિપાવડલી.** ૨૧)શ્રીમતી બંસીબેન લલિતભાઈ કપોપરા-**હિપાવડલી.** ૨૨)શ્રી ધવલકુમાર કિરીટભાઈ-**લાલપુર.** ૨૩)શ્રીમતી જીવીબેન નાથાભાઈ-**ગરેજ.** ૨૪)શ્રી જશવંતભાઈ ચનાભાઈ-**રાજકોટ.** ૨૫)શ્રી રમેશભાઈ એન. મોલિયા-**રાજકોટ.** ૨૬)શ્રી ઘેલાભાઈ વાઘાભાઈ-**માલ.** ૨૭)શ્રી શામજીભાઈ ચકુભાઈ-**કાલાવડ.** ૨૮)શ્રી કાંતિભાઈ ધૂળાભાઈ સોલંકી-**બાલીન્ટા.**

***ઉપરોક્ત સર્વે સુંદરસાથજીના ઉપર શ્રી રાજશ્યામાજીની સદા મહેર રહે અને તેઓની સર્વાંગી પ્રગતિ સાથે ધાર્મિક ભાવનામાં અભિવૃદ્ધિ થતી રહે એવા શ્રી ૫ નવતનપુરી ધામના શુભાશિષ***

# ગૌશાળાની સેવા

## એક ગાયની સેવા રૂા. ૧૧૦૦૦/ આપનારની યાદી

શ્રી માનાભાઈ-**કાનાલુશ**
શ્રી વ્રજલાલભાઈ કરમશીભાઈ ભંડેરી-**માંડાસણ**
શ્રી ધામવાસી પરસોતમભાઈ ધરમશીભાઈ તાળા-**છત્તર**
શ્રી વ્રજ-રાસ મંડળ(ત્રણ ગાયની સેવા)-**રાજકોટ**
શ્રી ધામવાસી અંબાબેન કેશાભાઈ પટેલ-**આમોદરા(સાબરકાંઠા)**
શ્રી કોંઝા ગામના સમસ્ત સુંદરસાથ-**કોંઝા**

## લીલો-સૂકો ઘાસચારો, કપાસિયા, ભૂસો, ખોળ અને લાડુની સેવા

રૂા. ૨૫૦૧/ રાજેશભાઈ અરજણભાઈ કાછડિયા-**અમદાવાદ**
રૂા. ૩૧૦૦/ શ્રી રાજ ભરોસે-**જામનગર**
રૂા. ૨૫૦૦/ રમણિકભાઈ ધનાભાઈ પાઘડાર-**રાજકોટ**
રૂા. ૨૫૦૦/ ધામવાસી વસરામભાઈ પુંજાભાઈ-**રાજકોટ**
શ્રી નથુભાઈ સંઘાભાઈ અટારા **હર્ષદપુર** તરફતી મકાઈ મણ ૫૦ મળી છે.
શ્રી અશોકભાઈ મોહનભાઈ **નકુમ** તરફથી લીલી જુવાર મણ ૮૦ મળી છે.

***ઉપરોક્ત સર્વે સુંદરસાથજીને ધન્યવાદ. આપ સર્વે પર શ્રી રાજશ્યામાજીની સદા મહેર રહે અને આપની ધાર્મિક ભાવનામાં અભિવૃદ્ધિ થતી રહે એવા શ્રી ૫ નવતનપુરી ધામના શુભાશિષ તેમજ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ તરફથી હાર્દિક શુભકામના.***

---

# ધામગમન

**ભાદાજાળિયા :** ધર્મજ્ઞ ધનાભાઈ ગંગદાસભાઈ પાઘડારનું તા. ૧૯-૮-૨૦૧૧ ના રોજ ધામગમન થયેલ છે. તેમના આત્મ કલ્યાણાર્થે શ્રી રમણિકભાઈ ધનાભાઈ તરફથી રૂા. ૨૫૧/ સાહિત્ય સેવામાં મળ્યા છે.

**મોવિયા :** ગંગામાનું પરમધામગમન થયું છે. તેમના આત્મ કલ્યાણાર્થે હંસરાજભાઈ જીવરાજભાઈ લીંબાણી તરફથી રૂા. ૨૫૧/ સાહિત્ય સેવામાં મળ્યા છે.

**માલ :** ભૂરીબેન પુંજાભાઈ ઓડેદરાનું ધામગમન થયું છે. તેમના આત્મ કલ્યાણાર્થે રૂા. ૨૦૦/ સાહિત્ય સેવામાં મળ્યા છે.

**ઝંડા :** મગનભાઈ કિશોરભાઈનું ધામગમન થયું છે. તેમના આત્મ કલ્યાણાર્થે રૂા. ૨૦૦/ સાહિત્ય સેવામાં મળ્યા છે.

***ઉપરોક્ત ગતાત્માને શ્રી રાજજી પોતાના નિજચરણોમાં સ્થાન આપી શાશ્વત મુક્તિ પ્રદાન કરે તથા તેમના પરિવારજનોને તેઓનું વિરહજન્ય દુઃખ સહન કરવાની શક્તિ અર્પે એજ અભ્યર્થના.***

# સપ્ટેમ્બર મહિનાની પાકી રસોઈની સેવા

| | |
|---|---|
| ૦૧)શ્રી હરજીભાઈ હીરાભાઈ પણસારા | જામનગર |
| ૦૨)ધા.વા. મનસુખભાઈ મૂળજીભાઈ અકબરી | જામનગર |
| ૦૩)ધા.વા. શિવાભાઈ મનજીભાઈ કોરાટ | રાજકોટ |
| ૦૪)શ્રી તારતમ સાગર પ્રશિક્ષણ પૂર્ણાહુતિ સમારોહના વિદ્યાર્થીઓ (શ્રી ઘનશ્યામ આચાર્ય,શ્રી પ્રમોદ લુઈટેલ, શ્રી હિતેશ પ્રણામી, શ્રી કૃષ્ણપ્રસાદ તિમલસેના અને પ્રેમ પ્રસાદ શાસ્ત્રી) | શ્રી ૫ નતનપુરી ધામ |
| ૦૫)મોહિનીદેવી હનુમાનદાસ અગ્રવાલ | બેગૂસરાય |
| ૦૬)શ્રી ધનજીભાઈ ભાણજીભાઈ દોંગા | જામનગર |
| ૦૭)સંત શ્રી ચેતનદાસજી મહારાજ | શ્રી ૫ નવતનપુરી ધામ |
| ૦૮)ધા.વા. જિજ્ઞેશભાઈ જયંતીભાઈ તારપરા | જામનગર |
| ૦૯)ધા.વા. રાહુલભાઈ ગોવિંદભાઈ ભેટારીયા | ચિખલોદરા |
| ૧૦)શ્રી હરીશભાઈ અરસીભાઈ પાણખણીયા | લંડન(યુ.કે) |
| ૧૧)ધા.વા. કેશવજીભાઈ વિરજીભાઈ સંઘાણી | જામનગર |
| ૧૨)ધા.વા. ભાણજીભાઈ મનજીભાઈ વેકરીયા | લાલવાડી(જામનગર) |
| ૧૩)ધા.વા. સંતોકબેન પોપટભાઈ સભાયા | જામનગર |
| ૧૪)ધા.વા ધનજીભાઈ વિરજીભાઈ સંઘાણી | જામનગર |
| ૧૫)શ્રી જોરૂભાઈ ભગવાનસંગ સીસોદીયા | કાનાલુસ |
| ૧૬)ધા.વા. અશોકભાઈ ગોરધનભાઈ ભંડેરી | ભરતપુર |
| ૧૭)ધા.વા. ઓતમબેન હરજીભાઈ ચાંગાણી | હરિપર |
| ૧૮)ધા.વા. રૂક્ષ્મણીબેન મોહનલાલ ભાવસાર | ગણદેવી |
| ૧૯)શ્રી છબીલદાસ ભટ્ટ | કાઠમાડૌં(નેપાલ) |
| ૨૦)ધા.વા. સવિતાબેન ગોરધનભાઈ કનખરા | જામનગર |
| ૨૧)ધા.વા. મોતીબેન શિવાભાઈ પટેલ હ. કૈલાશબેન | રામપુરા(કુવાયડા) |
| ૨૨)ધા.વા. વસરામભાઈ પૂંજાભાઈ પાદરીયા | રાજકોટ |
| ૨૩)ધા.વા. મગનભાઈ ઠાકરશીભાઈ રામાણી | જામનગર |
| ૨૪)ધા.વા. સજણબા જેઠુભા ઝાલા | રાજકોટ |
| ૨૫)ધા.વા. પ્રાગજીભાઈ રણછોડભાઈ | ગોંડલ |



श्री प्राणनाथजी प्राकट्य महोत्सव पर पञ्चदिवसीय श्री १०८ पारायणका शुभारम्भ करते हुए प. पू. आचार्य महाराजश्री, संतजन एवं सुन्दरसाथजी ।



श्री प्राणनाथजी प्राकट्य महोत्सवके शुभावसर पर आयोजित सांस्कृतिक कार्यक्रमकी झलक ।



श्री प्राणनाथजी प्राकट्य महोत्सव पर सुन्दरसाथजीको आशीर्वचन प्रदान करते हुए प. पू. आचार्य महाराजश्री ।

RNI No. GUJ BIL /2006/18311

Registration No. GJN-1 / 2009-2011



श्री प्राणनाथजी प्राकट्य महोत्सव पर पञ्चदिवसीय श्री १०८ पारायणकी पूर्णाहुति करते हुए प. पू. आचार्यश्री तथा छट्ठीके अवसर पर आनन्दित होते हुए सुन्दरसाथजी ।



श्री कृष्ण प्रणामी मन्दिर( टेनेसी ) अमेरिकामें आयोजित श्री कृष्ण जन्माष्टमीकी झाँकियाँ ।

PRINTED BOOK

TO :

SHRI KRISHNA PRANAMI DHARMA PATRIKA

SHRI 5 NAVTANPURI DHAM JAMNAGAR - 361 001 (INDIA)